ત્રીજા ધોરણ: નોટ.

[illegible] [illegible] [illegible] [illegible]
અર્થ, ડિક્ટેશન, [illegible]
અને [illegible] હિસાબ

સંગ્રાહક [illegible] ઉપાધ્યાય.
[illegible]—[illegible]

છપાવી પ્રસિદ્ધ કરનાર,
મણિશંકર [illegible] ઉપાધ્યાય.
[illegible]— [illegible]

અમદાવાદ—ખાડીઆમાં આવેલા શ્રી " [illegible] પ્રેસ " ના [illegible] છાપ્યું
ખાડીઆ—અમદાવાદ.

આવૃત્તિ ૩ જી. પ્રત ૩૦૦૦.
સંવત ૧૯૭૬. સને ૧૯૨૦.

કીંમત રૂ. ૦-૩-૦.

રાજગીત.

શ્રી પ્રભુ આપો દીર્ઘ આયુ, શ્રી સયાજી મહારાજ નૃપતિને
શાન્તિ દાતા એ નૃપનું સુરાજ્ય જગતમાં અચલ રહો,
કીર્તીવંત વિશ્વમાં થજો.
ભાગ્યશાળી નૃપતિ સદાએ ગણાજો, હે વિશ્વાધીપતિ,
આરોગ્ય નૃપતિને સારૂં આપજો. સૌખ્યમાં,
સર્વદા એ ભૂપતિ વસો, શત્રુઓ સૌ નાશ પામજો.
અચલ અમલ ન્યાય થકી નિજ પ્રજા,
પ્રતિદિન પ્રતિપાલન કૃત્ય કરજો,
નીતિમાન, ગુર્જરાધીપતિ, અમર તપો. વિભો!
સંપતિ, સંતતી, સન્મતી, પ્રકૃતિ, સૌ એ ભૂપને આપજો.

બીજા ધોરણની સંક્ષેપ નોટ.

જેની અંદર બીજી ચોપડીના અર્થ, બોધ, કવિતાના અર્થ, ડિક્ટેશન, પદાર્થપાઠ, ગણિત, ધાતો અને દેશી હિસાબનાં લેખાં આવેલાં છે.

રચનાર,
મણિલાલ મૂળજીભાઈ ઉપાધ્યાય,
બુકસેલર—પેટલાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
મણિલાલ મૂળજીભાઇ ઉપાધ્યાય,
બુકસેલર—પેટલાદ.

અમદાવાદ-ખાડીઆમાં આવેલા શ્રી "ભાગ્યોદય પ્રિન્ટીંગ પ્રેસ" માં જેઠાલાલ દેવશંકર દવેએ છાપ્યું.
ખાડીઆ—અમદાવાદ.

આવૃત્તિ ૭ મી. પ્રત ૩૦૦૦.
સંવત ૧૯૭૬. સને ૧૯૨૦.

કીંમત રૂા. ૦-૩-૦.

પ્રસ્તાવના.

વડોદરા રાજ્યનાં હાલમાં ચાલતાં નવાં ધોરણોમાં દાખલ કરેલા વિષયો વિદ્યાર્થીઓને જરા કઠિન લાગતા જણાય છે તેથી જુદા જુદા વિષયોનું જ્ઞાન એકજ પુસ્તકમાંથી ઘણીજ સહેલાઇથી વિદ્યાર્થિઓને મળી શકે તે હેતુથી આ નોટ પ્રગટ કરવામાં આવી છે.

પદાર્થપાઠનો વિષય નાની વયના બાળકોને સમજવો મુશ્કેલ છે, તેથી કુમળા મગજમાં આ ગહન વિષય સહેલથી ઉતરી શકે, તેવી ખાસ યોજના, અનુભવી સીનીયર શિક્ષકોની દેખરેખ નીચે આ નોટમાં કરેલી છે. બીજી ચોપડીના પાઠના કઠણ શબ્દોના અર્થ તેમજ આખા પાઠના સાર આ નોટમાં આપેલા છે. વળી કવિતાની સમજુતિ અર્થ સાથે એવી તો ઉત્તમ પદ્ધતિથી ગોઠવેલા છે કે બાળકો સહેલથી તેનું વિવરણ કરી શકે.

પુસ્તકનો બહોળો ફેલાવો થવા માટે કીંમત ખર્ચના પ્રમાણમાં ઘણીજ ઓછી રાખી છે. આશા છે કે આ નાનકડું પુસ્તક સર્વ વિદ્યાર્થિઓને ખાસ મદદગાર થઇ પડશે.

પેટલાદ.
તા. ૧-૪-૨૦.

મણિલાલ મૂળજીભાઈ ઉપાધ્યાય.

ગુજરાતીબીજીચોપડીનાઅર્થ

બીજી ચોપડી—ભાગ ૧.

પાઠ ૧ લો.

અઘમઘે છે=સોડે છે.
પાધરમાં=ખુલ્લી જગામાં
વટેમાર્ગુઓ=મુસાફરો
ધર્મશાળા=મુસાફરોને ઉતરવાની જગા
ઓસરી=રવેશી
ઝગઝગે છે=ચળકે છે
ઉજાશ=પ્રકાશ, અજવાળું.
સરજ્યાં=બનાવ્યાં
કળાતું=સમજાતું
દયાળુ=દયાવાળા
પાડ=ઉપકાર, ગુણ
યાદ=શરત
ભક્તિ=સેવા

સાર—પરમેશ્વરે આ જગત અને તેમાંની વસ્તુઓ જે પ્રાણીઓથી બનતી નથી, તે બધી બનાવી છે, અને પ્રાણી માત્રને પણ તેમણે બનાવ્યા છે; માટે તેમની દરરોજ ખરા મનથી આપણે ભક્તિ કરવી જોઇએ.

પાઠ ૨ જો.

મુજ=મારા
બાળ=બાળક
પંખી=જેને પાંખો છે તે પક્ષી.
વાં'ણુંવાયું=સવાર થયું
વાતી=પુરી થઇ
ઝગઝગાટ=ચળકાટ
દીસે=દેખાય
ભાતભાત=જુદા જુદા
પાન=પાંદડાં
ડોલે=હાલે
મેના=પોપટની સ્ત્રી
રુડડા=સુંદર
મધુર=મીઠું
ફીકું=ઝાંખું.
ઉડી ગયું=જતું રહ્યું
જનો=માણસો
ગવૈયા=ગાનારા
ગાન=ગાયન
દાતા=આપનારા
દીએ=આપે
મુલ્લાં=ફકીર
ઉદય=ઉગવું
તણો=નો
ભ્રમર=ભમરો
પત્ર=પાંદડાં
પંખેરૂ=પક્ષીઓ
ફૂલ=પાક

સાર—સવારમાં તમામ પ્રાણીઓ જાગી ઉઠીને સૌ પોત પોતાને કામે વળગે છે. તે પ્રમાણે વિદ્યાર્થીઓએ પણ ઉઠીને પોતાનો અભ્યાસ કરવો જોઇએ. કારણ સવારમાં ઉઠીને વાંચવાથી વાંચેલું સારૂં યાદ રહે છે.

પાઠ ૩ જો.

રત=ઋતુ	વસ્ત્ર=લુગડું	દાદા=બાપના બાપ
લેખે=હિસાબે	ખીલે છે=ફુલે છે	

સાર—વર્ષની ઋતુઓ ત્રણ છે. ૧ શિયાળો. ૨ ઉનાળો. ૩ ચોમાસું.

શિયાળાના મહીના—કારતક, માગશર, પોષ અને મહા.

ઉનાળાના મહીના—ફાગણ, ચૈત્ર, વૈશાખ અને જેઠ.

ચોમાસાના મહીના—અશાડ, શ્રાવણ, ભાદરવો અને આસો.

મહીનાનાં પખવાડીઆં બે છેઃ—૧ શુદ, ૨ વદ, શુદમાં ચંદ્રનું તેજ વધે છે અને વદમાં ઘટે છે.

પાઠ ૪ થો.

વછુટા=છુટા	લક્કડ=લાકડું	સરૈયા=સુગંધીદાર વેચનાર
ખડકેલી=ગોઠવેલી	બહેક બહેક=મઘમઘ	
ખરાદી=લાકડાં ઉતારવાનું કામ કરનાર	આરસા=આયના,દર્પણ	દ્રાક્ષ=દરાખ
	ચોગાનમાં=ખુલ્લીજગામાં	

મેળાપ થતા ફાયદા—ઘણા માણસોના ભેગા થવાથી જુદા જુદા પ્રકારના વિચારોની આપ લે થાય છે, જુદા જુદા માણસોની રીતભાત, ધર્મ, ભાષા, રીત રીવાજ, પહેરવેશ વગેરે જોવાનું મળે છે. જુદી જુદી જાતની વસ્તુઓ જોવાનું અને જરૂરની ખરીદવાનું મન થાય છે. વગેરે.

પાઠ ૫ મો.

મજા=ગમ્મત
શેખી=પતરાજી
આસરાં=સારાં
દોસ્ત=ભાઇબંધ
લપડાકો=ધોલો
સંગ=સોબત
પ્રેમ=હેત
ઠામ=ઠેકાણે
બુરે=નઠારે
મેંતાના=માસ્તરના

સાર—નઠારાની સોબત કરવાથી નઠારૂં ફળ થાય છે, માટે સારા માણસે નઠારી સોબત કદી પણ કરવી નહિ.

પાઠ ૬ ઠો.

વયે=ઉમરે
હરખનો=આનંદનો
પાર=છેડો
લાડકવાયા=એકહોવાથી હેત વધારે હોયછે
કુટેવ=નઠારી ટેવ
પોળમાં=શેરીમાં.
અટકચાળાં=અડપલાં
ઇલાજ=ઉપાય
વંઠી=બગડી
બહાને=કારણે
મસ્તીમાં=તોફાનમાં
ઓવારણાં=દુખડાં લેવાં કાઠીયાવાડમાં તે વપરાય છે.
ફોઇપગલું=ફોઇ તરફથી તરતના જન્મેલા બાળકને પગલું બાંધવામાં આવે છે તે
તંમર=ચકરી
ભેંકડો=રાગડો
હાડવૈદ=હાડકાં ચઢાવવાનું કામ કરનાર વૈદ
ખદખદતો=ગરમ કરેલો
વલે=દશા
ખો=ટેવ.

સાર—છોકરાં નાનાં હોય ત્યારે માબાપે તેમને નઠારી સોબતમાં ફરવા દેવાં નહિ. કારણકે નાનપણમાં નઠારી સોબતમાં ફરવાથી નઠારી ટેવ પડે છે. નાનાં છોકરાંના સોબતી સારા ગુણવાળા પસંદ કરવાની માબાપે હંમેશાં કાળજી રાખવી. નાનપણમાં પડેલી સારી કે ખોટી ટેવ મોટપણમાં સહેલાઇથી જતી. માટે છોકરાંને સારી ટેવ પડે તેવી કાળજી રાખવી.

પાઠ ૭ મો.

નક્કી=હઠીલું	વગેરેનોવિશ્રામલેવાનોવાડો	જતન=રક્ષણ
લવારાં=બકરાનાં નાનાં	વાંસળી=મોઢાની સાથે	ઉચીગયા પછી=દુધ
બચ્ચાંને લવારાં કહેછે	રાખી ફુંકથી આડી	આપતાં બંધ થયાપછી
ગાડરાં=ઘેટાંનાં નાનાં	રાખી વગડાય છે.	સાચવણ=સાચવણી
બચ્ચાંને ગાડરાં કહે છે	પાવા=મોઢેથી સીધો	તકરાર=ટંટો
નીરતો=નાખતો;આપતો	રાખી વગાડાય છે.	જાળવતો=સાચવતો
બાંધે=બબે	હુંફમાં=સોડમાં રહેવા-	મોજમાં=આનંદમાં
તાજા=તરતનો	થી ગરમી રહે છે તેથી	અભાગીઉં=કમનસીબ
ઢોર=ગાયો,બકરાં,ઘેટાં	પડોશમાં, પાસે પાસે	અજાણ્યું=નહિજાણીતું

જે પ્રાણી બીજાં નાનાં પ્રાણીઓને મારીને ખાઇ જાય છે તે શિકારી પ્રાણી કહેવાય છે. જેમકે–વાઘ, વરૂ, સિંહ વગેરે.

પાઠ ૮ મો.

કેદ થઇ રહેવું=એકજ	પાધર અને પાદર બંને	સટકી ગયું=નાશીગયું
જગાએ પડી રહેવું	શબ્દોનો અર્થ એકજ છે	ઠેકડા=કુદકા
ગોંધતો=પુરતો; કેદ ક-	ચાંદનીમાં=અજવાળી	વરુ=કુતરાના જેવું
રતો	રાતમાં	શિકારી પ્રાણી છે.
ચેન=મજા;ગમત;આનંદ	ખેલવું=રમવું	તરાપ=કુદકો
બંદીખાનામાં=કેદખાનામાં	નાદાન=મૂર્ખ	બોડમાં=રહેવાનીજગા-
બાપુ=બાપની પેઠે પાળ-	સપડાઇ=પકડાઇ	માં; બખોલમાં
નાર તે	જડ=હઠ	કમોત=વગરમોતે,મુદત
પાધરમાં=ખુલ્લી જગામાં	લાગ ફાવ્યો=દાવમળ્યો	પુરી થયા વગર મરવું

સાર—છોકરાએ મા, બાપ, મહેતાજી અને ગુરૂની શિખામણ માની તેમના કહ્યા પ્રમાણે ચાલવું. જે છોકરાં માની શિખામણ માને નહિ તેમની નક્કી ઘેટાની જેવી વલે થાય છે.

પાઠ ૯ મો.

ભાગ્યે=જવલ્લે	વગેરે	વેદના=દુઃખ
આડોશી પાડોશી=	જમણ=જમવાનું	મદલ=બીલકુલ
આજુબાજુનારહેનારા	પીરસેલી=ખાવાનું મુકેલી	મેળા=ઘણા માણસોનું ભેગું
બને=ફાવે	રોવાની=રડવાની	ભેગું થવું
ભાઇભાંડુ=ભાઇ બેન	નકામો=અમથો	પસ્તાયો=વિમાસ્યો

સાર—જે છોકરાં વારે ઘડીએ રિસાતાં હોય તેમણે રિસાવાની ટેવ મૂકી દેવી. કારણ કે રિસાવાથી મનને અને શરીરને દુઃખ થાય છે અને ધારેલી વસ્તુ મેળવવામાં વાર થાય છે. માટે કોઇ છોકરે રિસાવું નહિ. ઘઉં, ઘી ખાંડ વગેરે પદાર્થો ભારે હોવાથી તે જલદી પચતા નથી. બાજરી, ચોખા, દાળ, મગ વગેરે ખોરાક હલકા હોવાથી જલદી પચે છે. માટે નાનાં છોકરાંએ ઘી ખાંડનાં જમણ બનતા સુધી ઓછાં ખાવાં.

પાઠ ૧૧ મો.

ચકભિલ્લુ=એ એક ર-મત છે.	અંતરે=છેટે	જમણીમેર=જમણેતરફ
કચ્છ=લંગોટ	ચક્કરમાં=ગોળમાં.	જમણી દોડભરી=જમણી તરફ દોડી.
બન્યા છે=થયા છે	ઘુમી=ફરી, દોડી.	પૂરજોસથી=પૂરાબળથી
ગડ=કિલ્લો	સાથીઓ=સોબતીઓ	ટપોટપ=ઝટ; જલદી
હુમલો=હલ્લો	પેતરા=પેરા: એકની એકજગાએકર્યાકરવુંતે	

પાઠ ૧૨ મો.

છુટ્ટીની=રજાની	રાઇ ભાઇ કહેવાય	લાચાર=ગરીબ
વેળાએ=વખતે	રંગ જામ્યો છે=મજા આવી છે	સુનું છે=માણુસ વિનાનું છે.
ગેડીદડા=લાકડાના દડાથી દડાને મારવાની રમત છે	થોભ=અટક	દોસ્ત=મિત્ર
પીતરાઇભાઇ—કાકાનો છોકરો તે પીત-	બોલાવવાનું વચન આપેલું=બોલાવવા કહેલું	યાદ આવે છે=સ્મરણ આવે છે
	શી ખાતરી=નક્કી શું	

સાર—મા બાપનો હુકમ છોકરાંએ હંમેશાં સ્મરણમાં રાખવો અને તેમના કહ્યા પ્રમાણે વર્તવું. જે છોકરાં તેમનું કહ્યું કરે નહિ તે દુઃખી થાય છે.

પાઠ ૧૩ મો.

મધમાખી=મધ કરનારી માંખ
ગણગણતી=બોલતી
એકજ કુટુંબના=એકજ જાતનાં
છંછેડે=ખીજવે
ડંખીએ=કરડીએ
ચાહેછે=ઇચ્છે છે
પીઠ=પાછળનો ભાગ
ચકચકે છે=ચળકે છે
સુંદર=સારો
સંભાળ=તપાસ
સોહામણી=શોભિતી
ફુટડા=સુંદર;નાજુક
ભપકાદાર=રોફવાળા
કશા=કંઇપણ
માલમતા=માલમિલકત
કરડવું અને કોરવું એ બેમાં તફાવતછે=કરડવું એટલે કાપી નાંખવું, અને કોરવું એટલે અંદર બાકું પાડવું.
દુભવો છો=પીડો છો; દુઃખ દો છો
વહાલા=પ્રિય
નડીએ=દુઃખ દઇએ
ભલું=સારૂં
બુરૂં=નઠારૂં
બગાડ=નુકસાન
ચાહશે=ઇચ્છશે.

સાર—આપણે કોઇના ઉપર ગુણ કરીએ તો તે આપણા ઉપર ગુણ કરે છે અને એથી ઉલટું અવગુણ કરે છે. માટે બીજાઓના ઉપર દરેક જણે ગુણ કરવા જોઇએ.

પાઠ ૧૪ મો.

મોળાઇભાઇ=મામાઇ છોકરો તે મોળ ભાઇ કહેવાય છે.
ધાન્યથી=અનાજથી
અંગેઠી=દેવતા સળગાવવો તે; ધુણી સળગાવવી તે
મોજમઝા=આનંદ
હરખાયો=રાજી થયો
તલપી=ટાપી; દોડી
ઉલટભેર=ઉમંગથી
ધોતલીયો=છેટીઓ, નાની છોકરાની છેટીઓને ધોતલીઓ કહે છે મોટા માણસોનાં થેપાડાંને ધોતીઆં કહે છે
ફુટી ગયું=ભાગી ગયું
ઠેસ=ઠોકર
હોંસભર=ઉમંગથી
ગમે તે=ફાવે તે; પસંદ પડે તે.
નકામી=કામ વિનાની

સાર—પોતાની ભૂલ કોઇએ ઢાંકવી નહિ અને પોતાની ભૂલનું ફળ બીજા કોઇને ન આપતાં પોતેજ ભોગવવું.

પાઠ ૧૫ મો.

તકતો=આરસો
ઝુંટ પડાવી=ઝુંટીલીધી; ભૂલથાપ ખવરાવીને લઇ લેવું તે
સરીપડયો=પડી ગયો
અરડ=ઝટભાગીજાયતેવું
ખેંચતાણ=ખેંચાખેંચ
કાયર=હેરાન
પજવે=દુઃખ દે
વેળાસર=વખતસર

શણગારવી=લુગડાં ઘરેણાં પહેરાવી શોભિતી કરવી
ફુટીબદામ=ભાગેલી બદામ (માત્ર છોડાં)
સરસ=સારૂં
કબાટ=લાકડાની ઉભી મોટી પેટી.
સહીઅરો=સોબતમાં રમનારી.

વિવાહમાં=લગ્નમાં
હળીમળીને=સંપીને
શોક=દિલગીરી
બળવંતા=બળવાળા
સદા=હંમેશાં
દાહડા=દિવસો
લેશ=લગાર
કલેશ=કંકાસ

સાર—ભાઇ ભાંડુઓએ હંમેશાં સંપસંપીને રમવું. એક બીજાની સાથે કજીઓ કંકાસ કરવો નહિ. સંપીને રહેવાથી હમેશાં આનંદ રહે છે, અને લડવાથી લોકમાં આબરૂ ઓછી થાય છે, નિંદા થાય છે, અને આનંદનો નાશ થાય છે, માટે દરેકે સંપીને રહેવું.

પાઠ ૧૬ મો.

પૂર્વ=સૂર્ય ઉગેછે તે દિશાનું નામ.
તરફ=ભણી
નાનકડા=નાના
ધર્યા=રાખ્યા
ગભરાટમાં=ફિકરમાં
તરેહતરેહનાં=જાતજાતનાં

ગણકાર્યું=માન્યું
ફેંકી દઇ=નાંખી દઇ.
રોણું=રડવાનું
જારીરાખ્યું=ચાલુ રાખ્યું
ખીજવાયા=ચડવાયા
રડપર ચઢયા છે=રડવા લાગ્યા છે

ગોદમાં=ખોળામાં
મધુર=મીઠું
હાલરડું=હાલા
ઓડઝપટ=ભૂત
જંત્ર=તાવિત.

સાર—બાળકની હઠ કેવી હોય છે તે સમજાય છે. બાળક જે વસ્તુ માગે છે તે વસ્તુ મળ્યા સિવાય પોતાની હઠ છોડતું નથી.

પાઠ ૧૭ મો.

જોડું=સ્ત્રી પુરૂષનું એકઠું નામ જોડું કહેવાય છે.	આંગણામાં=બારણામાં	અભાગણી=ઓછા ભાગ્યની
પરવારી=પુરૂં કરી	મહેર=કૃપા; મહેરબાની	બચાવનારને=ઉગારનારને
ભક્તિ=સેવા	પારણામાં=ઘોડીઆમાં	જાન=જીવ
ગુજરાન=ખાવાનું પોષણ	નોળને=નોળવાને	ભલેરા=સારા
	ગુસ્સો=ક્રોધ	
	પસ્તાઈ=વિમાસી	
	મૂર્ખ=બેવકુફ	

સાર—કોઇ પણ કામ કરતાં પહેલાં પુરો વિચાર કરવો. વિચાર કરીને સારૂં નરસું શોધી કાઢી, સારૂં લેવું નઠારૂં છોડી દેવું. કારણકે વિચાર્યા વગરનું કામ કરવાથી પાછળથી પસ્તાવું પડે છે.

પાઠ ૧૮ મો.

સંદેશો=ખબર	છાપું=છપાયલું વર્તમાન પત્ર	અવાજ=શબ્દ
ખોડંગતો=લંગડાતો	પસંદ=ગમતી	પંપાળીને=હાથ ફેરવીને
માયાળુ=માયાવાળો	મિસોટી=મિતકારી;	નજીક=પાસે
હુંફાળું=ગરમીવાળું		કેળવ્યો=કેળવણી આપી

સાર—કુતરાં પણ બુદ્ધિશાળી અને ધણીનું મન સમજી શકે તેવાં હોય છે. માણસને વાચા છે અને કુતરાંને તે નથી. છતાં પણ તે માણસનાં ઉપયોગી ઘણાં કામો કરી શકે છે. તેથી હાલ ઘણા માણસો રૂપીઆ ખર્ચી કુતરાં પાળીને કેળવે છે.

પાઠ ૧૯ મો.

રીતસર=નિયમ પ્રમાણે	ઢીમણું=વાગવાથી જે ઢેગ થાય છે તે	હીચતા=હીંચકા ખાતા
હિચોળે=હિંદોળે	કને=પાસે	સાથીએ=સોબતીએ
ખસેડી=આઘો કાઢી; દૂર કરી	હડસેલી=ધકેલી	ભલા=સારા
		પાડ=ગુણ; ઉપકાર

સાર—સારી અથવા નઠારી જે ટેવ પડી હોય તે જતી નથી અને ટેવ ઉપરથી ગુણ બંધાય છે. તોફાની છોકરાં પોતાનો ઘણો ખરો વખત માત્ર તોફાનમાંજ ગાળે છે જ્યારે સારાં છોકરાં તેનો ઉપયોગ બીજાને મદદ કરવામાં કરે છે. બધાંએ સારા થવાની જરૂર છે. જેમ બને તેમ બીજાના ઉપર ઉપકાર કરી તેમનું ભલું કરવું.

પાઠ ૨૦ મો.

ખંત=કાળજી	શાહજાદીઓ=પાદશાહની કુંવરીઓ	ફરજંદોને=છોકરાંને
આરબ=અરબસ્તાનનો રહેવાશી	તહેનામાં=હજુરમાં	અલ્લાએ=પરમેશ્વરે
દેખાવડો=શોભીતો	હેતભાવથી=પ્રીતિથી	માફ=ક્ષમા, ગુનો=વાંક
નીમાણુંકની=નક્કી કરેલી	છોકરવાદી=છોકરાંપણું	વહાલ=હેત
શાહજાદા=પાદશાહના કુંવરો	ફરમાવશે=કહેશે	ઓહદાપર=અધિકારપર
	સમજુતી=સમજણ	દૈયાના=મનના
		રદ=નકામી

સાર—જે માણસ પોતાનાં છોકરાં ઉપર પ્રીતિ રાખી શકે તે બીજાનાં છોકરાં ઉપર પણ રાખી શકે. જે પોતાનાં છોકરાંથી વેગળા રહે તે બીજાની સાથે તો કેવીજ રીતે મળેલા રહે. અમલદારોએ રૈયતને છોકરાંની પેઠે પાળવી જોઇએ. એવા ગુણવાળા પાદશાહને ધન્ય છે.

પાઠ ૨૧ મો.

ઢેકાઢળીઆવાળી=ખાડા ટેકરાવાળી	ચોકખું=પીવાલાયક, સાફ	ધોરી=મોટા
ઓખારો=અવાજ	દુઆ=આશિષ	લાભ=ફાયદો
આડે=અવળે	દેજો=આપીશ	
	લંગડો=પગભાગી ગયેલો	

સાર—આંધળા માણસને પણ દિવસ અને રાત્રિની ખબર પડે છે. બધાં પ્રાણીઓનું હાલવું ચાલવું અને બોલવું શાંત થાય

એટલે જાણે છે કે રાત પડી, અને પ્રાણીઓનું હાલવું ચાલવું અને બોલવું થાય એટલે દિવસ થયો એમ સમજે છે.

આંધળા અને લંગડા માણસે જેવી રીતે પોતાનો જંગલમાંથી એક બીજાની મદદ લઇને શિકારી પ્રાણીઓથી બચાવ કર્યો, તેજ પ્રમાણે આપણે પણ એક બીજાની મદદ લેઇને કામો કરીએ તો સહેલાઇથી અને થોડીવારમાં થાય છે.

પાઠ ૨૨ મો.

પડછાયો=ઓળો	રસ્તો.	મુઓ=મર્યો
બાગોળ=ગામની બહારની ખુલ્લી જગા	જરા=સહેજ	દાનત=ઇચ્છા
થોભીશ=અટકીશ	થાક=વિસામા	ગુમાવ્યું=ખોયું
કુદકો=ઠેકડો	અદેખો=ખારીલો	તાકે=ઇચ્છે છે
પૂલ=નદી ઓળંગીને જવા માટે બાંધેલો	લોભી=લાલચુ	ગુમાવે છે=ખુએ છે
	ફાંફાં=બાથોડીયાં	
	સામેપાર=સામે કિનારે	

સાર—આપણી પાસે જે હોય તેથી વધારે મેળવવાની ઇચ્છા રાખવી નહિ. કારણ કે તેમ કરવા જતાં વખતે પોતાની પાસે જે હોય તે પણ ખોવું પડે છે.

પાઠ ૨૩ મો.

અસલના=પહેલાંના	બકરૂ પડાવી લેવાનો વીચાર કર્યો=કીમત આપ્યા સિવાય છેતરીને લઇ લેવાનો વિચાર કર્યો	મુર્ખ=બેવકુફ
ખરીદ કર્યું=વેચાતુંલીધું કીમત આપીને લેવું તે વેચાતુ લીધું કહેવાય	અચરજ=નવાઇ	સંદેહ=વહેમ
વાટમાં=રસ્તામાં	હડખાએલા=જેને હડકવા હાલ્યોછે એવા	દરકાર=ગરજ
ઠગ=છેતરી લેવાનું કામ કરનાર		હાવકું=ડેકાણે,સાવધ
		શિકારી=જાનવરો મારનાર
		ભરોસો=વિશ્વાસ

સાર—ઠગ લોકો બીજાને છેતરવા માટે કેવા ઢોંગ કરે છે ? પોતે નજરે જે જોતા હો તેથી ઉલટું જો કોઇ લુચ્ચો તમને કહે તો તેના ઉપર વિશ્વાસ રાખશો નહિ. પણ તમારા જોવામાં કંઇ ભૂલ થતી હોય અને તે સંબંધી જો કોઇ સારો માણસ તમને કહે તો તે માનવુ જોઇએ.

પાઠ ૨૪ મો.

ફક્ત=માત્ર	ચટાપટા=આડા ઉભા પાટા	યાદ=શરત
ગોળમટોળ=ગોળઘાટનો	ગમ્યો=પસંદ પડયો	ભરોસો=વિશ્વાસ
ચળકતો=ઝગઝગતો	રૂપાળો=સારો; સુંદર	શિખામણ=સમજણ
તરેહ તરેહના=જાત-જાતના	છીનવી=પટાવી	
	ઠીક=સારૂં	

સાર—કોઇને પૂછ્યા વિના કે કહ્યા વિના તેની વસ્તુ છાની-માની લેવી તે ચોરી કહેવાય છે.

ચોરી કરનારને ચોર કહે છે.

ચાડી કરવાથી લોકો વિશ્વાસ રાખતા નથી; અને સરકાર શિક્ષા કરે છે માટે ચોરી બિલકુલ કરવી નહિ. બીજાની વસ્તુ જોઇતી હોય તો તેને પૂછીને લેવી.

પાઠ ૨૬ મો.

આરબ=અરબસ્તાન દેશના લોકોને આરબ કહે છે	હાલત=દશા	વહાલને લીધે=હેતને લીધે; પ્રેમને લીધે
છેયે છોકરે ભરપૂર હતો—છોકરાં ઘણાં હતાં	બગડતી=ખરાબ થતી	કપરા=આકરા
ભરપુર=પુરેપુરો	ખુબસુરત=રૂપાળો; સુંદર	લાચાર=ગરીબ
પૈસે ટકે ખાલી હતો=પૈસા નહોતા	ઉમદા=શ્રેષ્ટ	બરાબર મૂલ લઇ=વ્યાજબી કીંમત લઇ
ધીમે ધીમે=હળવે હળવે	દેશાવરથી=પરદેશથી	બરદાસ=ચાકરી
	પસંદ કીધો=ગમવાથી રાખવા માટે નક્કી કર્યો	પરવડે=ફાવે
	માગ્યો=વેચાતો લેવાના અર્થમાં છે	ફેંકી દીધા=નાંખી દીધા

સાર—પ્રાણીઓના ગુણને લીધે માણસો તેમના ઉપર કેટલી પ્રીતિ રાખે છે તે આ પાઠમાં બતાવ્યું છે.

પાઠ ૨૭ મો.

ઝરો=પાણીનું વહેણ	કુટડા=નાજુક	ચોપાસ=ચારે બાજુ
પડછાયો=ઓળો	લલકારવું=લાંબેથીબોલવું	ફેલાએલી=પથરાયેલી
શીંગડાનો ભરાવ=શીંગડાનો જથો	ચમકી=ઝબકી	ખડખડાટ=અવાજ
નજર=દષ્ટિ	છલંગ=કૂદકો	સંકટમાંથી=દુઃખમાંથી
નારાજ=નાખુશ	પારધીઓ=શિકારીઓ	બચાવ્યું=ઉગાર્યું
બડબડવા=નકામુંબોલવા	કેડો=પાછળ પડવું; પીછો	લોહી=લલચાઇ
સુંદર=સારૂં	પાધર=ખુલ્લી જગ્યા	ફસાવી=સપડાવી
	વટાવી=ઓળંગી	

સાર—નજરે જોયેલી વાતો પણ કેટલીક વખતે ખોટી પડે છે. તો જોયા વગરની અથવા વિચાર્યા વગરની કોઇ પણ વાત વિષે સારો અથવા ખોટો અભિપ્રાય એકદમ બાંધવો નહિ. પુરો વિચાર કરીનેજ તે વસ્તુને વખાણવી કે નિંદવી.

પાઠ ૨૮ મો.

ઉમ્મેદ=આશા	માથો પલાળીને ગાળી કાઢેલા પીળા રંગનું પાણી.	પ્રધાનનું=દીવાનનું
બચાવવા=ઉગારવા	ગભરાટ=ગભરામણ	આંગણે=બારણે
રંગરેજ=રંગવાનું કામ કરનાર; ભાવસાર	વનનો=જંગલનો	ધગધગતા=ધીકતા
જરદી=કસુંબીનાં ફુલ		બુરા=નઠારા
		હાલ=દશા

શિયાળ, વરૂ અને કૂતરાં એકજ જાતનાં પ્રાણી ગણાય છે.

સાર—ઇશ્વરે દરેકને જે સ્થિતિમાં જન્મ આપ્યો હોય તેમાં સંતોષ માનવો. તે સ્થિતિમાંથી સારા થવા પ્રયત્ન કરવો. પણ એકદમ ઉંચી સ્થિતિમાં જવા મહેનત કરવાથી પોતાની જાતને

કેવું નુકશાન થાય છે તે આ નકલ કરનાર શિયાળની વાત શીખ્યા-થી સમજાશે.

સંતોષ માનવાને એવી રીત છે કે—જે લોકો આપણા કરતાં સારી સ્થિતિ ભોગવતા હોય તેમનો વિચાર ન કરવો;—પણ જે આપણા કરતાં હલકી સ્થિતિ ભોગવતા હોય તેમનો વિચાર કરવો.

પાઠ ૨૯ મો.

લગ્ન=વિવાહ;પરણવાનું	નડવા=પીડવા, દુખદેવા	શેખી=પતરાજી
વરા=ખર્ચ	લેખવે છે=ગણે છે	રંક=ગરીબ
મેળાપ=ભેગું થવું	મોંઘિભાવ=વધારેકીંમતે	ચાહે છે=ઇચ્છે છે
ચડભડી=બડબડી	ખપ=જરૂર	ભારેખમ=વધારે મોટા

સાર—દુનિયામાં સારા કહેવડાવવું હોય તો અભિમાન રાખવું નહિ. પણ નમ્રતા રાખવી. નમ્રતા રાખવાથી ઘણા માણસો બોલા-વશે અને ભાવ પૂછશે. સોંઘી વસ્તુઓ ગરીબમાં ગરીબ માણસ પણ લઇ શકે છે. મોંઘી વસ્તુઓ શ્રીમંતજ લઇ શકે છે. શ્રીમંત થોડા હોય એટલે મોંઘી વસ્તુઓ વાપરનાર થોડા. સોંઘી વસ્તુઓના લે-નાર વધારે મળે છે. માટે સારા કહેવડાવવા માટે અભિમાન વિનાના નમ્રતાવાળા રહેવું, કે જેથી બધા માણસો માન આપે અને બોલાવે.

પાઠ ૩૦ મો.

આપકર્મી=પોતાના કર્મ ઉપરજ આધાર રાખનાર	પર્જ=તલેવાર	તક=લાગ, દાવ
બાપકર્મી=બાપના કર્મ ઉપરજઆધારરાખનાર	તરાપ=કૂદકો	અભેસિંગે તક જોઇ ઘોડો
તીર્થ=જાત્રા	સેનાનો=લશ્કરનો	કુદાવ્યો=અભેસિંગે લાગ
વતન=જન્મભુમિ	સમે=વખતે	જોઇ ઘોડો ચલાવ્યો
ભાભી=ભાઇની વહુ	લુણ=[illegible]મા જગાએ અન્નનો અર્થ છે.	નાસભાગ=નાસાનાસ
	પ્રાર્થના=સ્તુતિ	દુશ્મન=શત્રુ
	ફરફરતા=ઉડતા	ફતેહ=જય, જીત
		રાજપાટ=રાજગાદી

સાર—પોતાની જાતે મહેનત કરવાથી માણસ ભાગ્યશાળી થઇ શકે છે તે અભેસિંગની વાતથી જણાય છે. આપણામાં કહેવત છે કે હરકત ત્યાં બરકત. જાતે કરેલી મહેનતમાં જેટલું ફળ થાય છે તેટલું પારકાના તરફથી મળેલામાં ફળ નથી. માટે બીજાના ઉપર આધાર ન રાખતાં પોતાની જાત ઉપર આધાર રાખી મહેનત કરવી.

પાઠ ૩૧ મો.

તાજો=મસ્ત	તડુકતો=ધડુકતો	ગજા ઉપરાંત=શક્તિ ઉપરાંત
લહેરથી=મોજાથી	મમતે=ચડશે	

સાર—પોતાની શક્તિ ઉપરાંત કોઇ કામમાં વધારે મમત રાખવો નહિ, શક્તિ ઉપરાંતનું કામ કરવાથી પોતાની જાતનો નાશ થાય છે. માટે પોતાથી જેટલું બની શકે તેટલુંજ કરવાનું માથે લેવું. બીજાની બરાબરી કરવા એકદમ માથું મારવું નહિ.

પાઠ ૩૨ મો.

ઘપસી—ખસી	ખાદીનાં=ગજીઆનાં	વાંક=ગુન્હો
બરડાયાં=ચગડયાં	મલમલ=એક જાતનું ઝીણું લુગડું	બેદરકાર=ગરજ વગરનો
ઉપકારનું=ગુણનું	શાહુકારનો=ગૃહસ્થનો	લાભ=ફાયદો
ચાહ=શરત		

સાર—શરીર ઉઘાડું ન રાખતાં તેના ઉપર બરાબર કપડાં પહેરવાં અને તે ધોયેલાં અને સાફ રાખવાં કસ ને બટન ખુલ્લાં રાખવાં નહિ. ઋતુ ઋતુ પ્રમાણે કપડાં પહેરવાં.

પાઠ ૩૩ મો.

ભાઇબંધી=મિત્રાચારી	પસંદ=ગમતી	હમણાંજ=હાલજ
જડતો નહોતો=મળતો નહતો	ડરવા=બીવા	નિશાનીઓ=એંધાણીઓ
દેશાવર=પરદેશ	આસપાસ=આજુબાજુ	ઢુંકડું=નજીક
	પાડોશમાં=નજીકમાં	ખંતીલા=મહેનતુ.

સાર—ઇશ્વરે આપણને જોવા માટે આંખ આપેલી છે. તે આંખનો દરેક વસ્તુને તપાસી જોવામાં ઉપયોગ કરવો જોઇએ. જતાં આવતાં કે રસ્તે ચાલતાં જે જે જોવાનું મળે તેનો બારીકાઇથી તપાસ કરવો.

બીજી ચોપડી ભાગ—૨.

પાઠ ૩૬ મો.

છેક=તદ્દન	બંધ થાય છે	ઓળખવી=સમજવી;
આથમેછે=દેખાતો	ઓળો=પડછાયો	જાણવી

દિશાઓ મુખ્ય ચાર છે. ૧ પૂર્વ, ૨ પશ્ચિમ, ૩ ઉત્તર, ૪ દક્ષિણ.

પૂર્વ—જે દિશાએ સૂરજ ઉગે છે તે ઉગમણી અથવા પૂર્વ દિશા કહેવાય છે.

પશ્ચિમ—જે દીશાએ સૂરજ આથમે છે તે આથમણી અથવા પશ્ચિમ દિશા કહેવાય છે.

ઉત્તર—પૂર્વ દિશા તરફ મોં કરી ઉભા રહેતાં ડાબા હાથ તરફની દિશા તે ઉત્તર કહેવાય છે.

દક્ષિણ—પૂર્વ દિશા તરફ મોં કરી ઉભા રહેતાં જમણા હાથ તરફની દિશા તે દક્ષિણ કહેવાય છે.

પૂર્વ અને પશ્ચીમ સામસામી આવે છે.

ઉત્તર અને દક્ષીણ સામસામી આવે છે.

દિવસે સૂર્યથી દિશાઓ ઓળખી શકાય છે પણ રાતે ઉત્તર દિશા તરફ એક સ્થિર તારો હોય છે જેને ધ્રુવ કહે છે તેનાથી દિશાઓ ઓળખી શકાય છે. જે દિશાએ એ તારો છે તે ઉત્તર

દિશા અને તેની સામેની તે દક્ષિણ દિશા કહેવાય છે. એ ધ્રુવના તારા તરફ મોં કરીને ઉભા રહેતાં જમણા હાથ તરફની દિશા તે પૂર્વ અને ડાબા હાથ તરફની પશ્ચિમ દિશા કહેવાય છે.

પાઠ ૩૭ મો.

બેસતું વરસ—કારતક શુદી પડવાને દિવસે આવે છે.

સાથીઆ—આવાં જુદી જુદી જાતનાં ચિત્ર આંગણામાં કંકુ વગેરેથી જમીન ઉપર કાઢે છે તેને સાથીઆ કહે છે.

સરસ=સારો	કસરતશાળા=કસરત	લંબચોરસ=લાંબો ચોખુણ
મધ્યમાં=વચ્ચે	કરવાની જગ્યા	બાગ=બગીચો; વાડી

પાઠ ૩૮ મો.

સ્ટેશન=આગગાડી ઉ-	ભમણી=બેગણી	વાનું રેલ્વે સ્ટેશન
ભી રહેવાનું સ્થળ	આગગાડીનું મથક=આ-	ગોચર=ચરો; ખુલ્લી જગ્યા
ડગલાં=પગલાં	ગગાડી ઉભી રહે-	

પાઠ ૩૯ મો.

વર્ગ=કલાસ	નિચાણ=નીચી જગા	રેતી વાળી જગાને
ગામ બહારની સેલ=ગા-	મેર=તરફ	ભાઠું કહેવાય છે
મ બહારની મઝા	ઇશાન=પૂર્વ અને ઉત્તર	વહેણ=વહન
વગડામાં=ગામ બહાર-	દિશા વચ્ચેના	ચાલાક=હોશિયાર
ની ખુલ્લી જગામાં	ખુણાને ઇશાન	પારથી=કિનારેથી
ખુશ=રાજી	ખુણો કહે છે.	ક્યારડા=ખેતરો [નીચા]
ચોપડાતરફ=ચરા તરફ	મઝા=આનંદ	સુગમ=સહેલું
ઘાસના બીડ તરફ	ભાઠું=નદી કાંઠા ઉપ-	મસ=વધારે
વળ્યા=ચાલ્યા	રની પાણી વગરની	

ડાંગરને પાણી વધારે જોઇએ છે માટે ડાંગરને માટે બીજાં અનાજનાં ખેતરો કરતાં ઉંડાં પાણી ભરાઇ રહે તેવાં ખેતરો જોઇએ છે.

પાઠ ૪૦ મો.

સાંજે ખાવું તે વાળુ કહેવાય છે.
બપોરે ખાવું તે જમવું કહેવાય છે.
અને સવારમાં જમવું તે હાજરી કહેવાય છે.

મોસાળ=માનું પીયેર; માના બાપ; ભાઇનું ગામ.
મામા=માના ભાઇ
ચોરો=સરકારી નોકરોને જમીનના સરકારના પૈસા ઉઘરાવવા વગેરે માટે બેસવાનું મકાન
મુખી=પટેલ; ગામના રક્ષકનું કામ કરનાર
ગંધ=વાસ; સોડ.
મામલતદાર=તાલુકાનો ઉપરી; વહીવટદારા
રાવણીઆ=વરતણીઆ-
તાલુકે=મહાલમાં
તલાટી=ગામના રૂપીઆ ઉઘરાવવાનું કામ કરનાર.
હુંડી=મનીઓર્ડર; પરદેશથી ટપાલખાતા મારફત જે રૂપીઆ આવે તે
ટપાલ=કાગળો વહેંચવાનું કામ કરનાર.
ગેરહાજર=હાજરનહિતે
દાકતર=ઇંગ્રેજી દવા કરનાર વૈદ્ય.

પાઠ ૪૧ મો.

સોનેરી=સોનાના જેવો
ધગધગતા=ધીકતા
ધંધે=કામે
કલ્લોલ=આનંદ; મઝા
ખોરાક=ખાવાનું
વનસ્પતિ=ઝાડછોડવગેરે
ખીલતી=ફુલતી
ખીલેલાં=ફુલલાં
ઠંડા=ટાઢા
લહેર=મોજાં
જન=માણસ
નરમ=ધીમા
આખર=છેવટે
ચોતરફ=ચારે બાજુ

સૂરજ ઉગે તે વખતને સવાર કહે છે; સૂરજ માથે આવે તેને મધ્યાન્હ કહે છે; અને સૂરજ આથમે તે વખતને સાંજ કહે છે.

સવાર થાય એટલે દરેક માણસ પોતપોતાને અનુકૂળ ધંધે કામે લાગે છે, અને સાંજ થાય એટલે ધંધેથી ઘેર આવી વાળુ કરી રાતના વખતમાં વિસામો લેવા સૂઇ જાય છે.

પાઠ ૪૨ મો.

પવનજોરથીફુંકાયછે=વા જોરથી વાય છે	પાન=પાંદડાં	ધાન્ય=અનાજ
ગુંગળાઈ=અકળાઇ	ઝપાટો=સપાટો	કચરો=બગડો
	ઘસડી=ખેંચી	અકળામણુ=ગભરામણુ

પવન જ્યારે હાલે ચાલે નહિ ત્યારે તેને હવા કહે છે; જ્યારે તે હાલે ચાલે છે ત્યારે તેને પવન કહે છે. અને અતિશય જોરથી જ્યારે પવન વાય ત્યારે તેને વાવાઝોડું કે વંટોળીઓ કહે છે.

જો હવા ન હોય તો આપણે મરી જઇએ. હવાથી પ્રાણીઓ જીવી શકે છે.

પવનથી–દરીઆનાં વાદળાં જમીન ઉપર ખેંચાઇ આવી વરસાદ પડે છે, વરસાદથી ખેતી સારી થઇ અનાજ પાકે છે; અને અનાજ પાકવાથી આપણે જીવી શકીએ છીએ. પવનથી વહાણો ચાલે છે, રસ્તા સાફ થાય છે, અને ફુલોમાંથી સુગંધીદાર હવા બધે ફેલાય છે.

પાઠ ૪૩ મો.

ગમશે=પસંદ પડશે; ફાવશે	ઝાંખો=મેલા રંગનો	વેહ=કાણું
કણુ=રજકણુ;ઝીણાદાણા	ચૂરો=ભૂકો	છિદ્રો=કાણાં
પીગળતો=ઓગળતો	કોલ=કેલ; ગાર	ચાંચવા=અણીવાળા કોદાળા
ચૂસી=ખેંચી	કહાણી=કથા	
નિર્દય=દયા વગરના	જંતુઓ=જીવડાં	
	બારીક=ઝીણા	

પાઠ ૪૪ મો.

ધંધો=રોજગાર	બે મળાને એકું થાયછે	થર=પડ
બાહેર=બહેરાટ	માંજીએ=અજવાળીએ; ઘસીએ	ટંકશાળ=નાણું બનાવવાની જગા
લોટા=કળસીયા	બાઝેલો=વળગેલો	
એકું=દેગડું અને ઘડો		

પાઠ ૪૫ મો.

પિતળ=એ મિશ્ર ધાતુ છે તે જસત અને તાંબાની મેળવણીથી થાય છે.
ખુબ=બહુ
મગજગરાં=ખરડવાં
તાસકા=ઢાંકણાં
સસ્તુ=સોંઘું
ઇનામ=બક્ષિસ

પાઠ ૪૬ મો.

બજાર=ચૌટું.
કુમળું=કુણું
ચરાઉ=ચરીને પેટ ભરનાર; ફરનારાં
ગંજી=ઢગલો
સુગંધી=સારી વાસ
ખુજળી=ખસ, દાદરના રોગ તે ખુજલી
અત્તર=સુગંધીદાર સત્વ
ફેલાયછે=પથરાય છે.
જડ=જડીઉં
ઉપજાણે=ઉગીજઆવે
ચમકી=ફુમતું
પાણીવાટ=પાણીને જવાનો રસ્તો.

મૂંજ=સરકટોની પાંદડી પલાળી કૂટીને વણે તેને મૂંજ કહે છે. મૂંજનું ખાટલે ભરવાનું વાણ થાય છે.

પાઠ ૪૭ મો.

જારનોસાંઠો=જારનું રાડું
સળંગ=આખી
ચેર=પીરાઇ
શેરડીની પીરાઇને કાતળી કહે છે.
મુકીને=નાખીને
બાવટાનું બીજું નામ નાગલી છે.
મહીકાંઠો=મહી નદીનો કિનારો
બીડમાંથી=ઘાસના પડતરમાંથી
છડીને=ખાંડીને
સૂકાઇ ગયેલા ઘાસને ખસલી કહે છે.

પાઠ ૪૮ મો.

ખેડુત=ખેતી કરનાર
સખત=આકરી
મજુરી=મહેનત.
એકસામટું=એકસરખું
ભાથું=ખાવાનું
ભાણુ=સૂર્ય
કોઢ=ગાય,બળદ,ભેંસો વગેરેનેબાંધવાની જગા
નીરૂં છું=નાખું છું.
કૌવતવાળું=જોરવાળું; શક્તિવાળું.
આળસુ=સુસ્ત
સેડ=છેડ
ધુસરી=ઝુંસરી
તાત=બાપ.

અરે ખેડુત ! તું ખરેખર જગતનો બાપ ગણાયોછું. કારણકે બાપ જેમ છોકરાનું ભરણપોષણ કરે છે તેજ પ્રમાણે આ બધા સંસારને તું પાળતો જણાય છે. મતલબકે તું અનાજ પેદા કરે છે, તેથી તે લઇને ખાઇને આ બધો સંસાર જીવી શકે છે. જો ખેડુત ખેતી કરી અનાજ પેદા કરત નહિ તો માણસોને ખાવાનું મળત નહિ અને તે મરી જાત.

પાઠ ૪૯ મો.

ટાંકણે=ટાણે; વખતે	ફરતી=ચારેબાજુ	સાદા=હંમેશાં
પાલવાળા=કિનારવાળા	લીલાછમ=ઘણાલીલા	

પાઠ ૫૦ મો.

કોલુ=શેરડી પીલવાનો કોલ.	પેરવાળી=પીરાઇવાળી	ડુક્કર=ભૂંડ
પદછા=પાંદડાં	પાણી પાયેલ ખેતરને પીત કહે છે.	પાકટ=પાકા
પુષ્કળ=ઘણું	તરકારી=શાકભાજી	ધટ=જાડા

પાઠ ૫૧ મો.

તકરાર=ટંટો	ઉજળો=સ્વચ્છ	ઉપયોગી=ખપની
ધીમાં=હળવાં	સફેદી=ધોળાપણું	પૈસાદાર=પૈસાવાળા
પોચો=નરમ	નકામાં=ફોગટ	ખપ=કામ

પાઠ ૫૨ મો.

મધમાખ=મધકરનારીમાખ	ઇચ્છા=આશા	રક્ષણ=પોષણ
કામળો=ઓરો	પંડે=પોતે	ચોકખા=સ્વચ્છ
પારકો=પરાયો	હુકમ=આજ્ઞા	જંતુ=જીવડાં

પાઠ ૫૩ મો.

શેખ=મુસલમાનોમાં એક અટક છે.
બતક=એક જાતનું જાનવર
ચીકટ=ચીકાશ
ભિંજાતું=ભીનું થતું
નબળી=બળવગરની
અણીદાર=અણીવાળી
જાળવેછે=સાચવે છે
ઘસીને=દોડીને
ધંધે=કામે

પાઠ ૫૪ મો.

રઝળીને=રખડીને
બો=બીક
લાગ=દાવ

પાઠ ૫૫ મો.

દેખાવ=ઘાટ
સુંદર=સારો
ગરદન=પીઠ
નક્કર=કઠણ
સપાટ=સરખી
તીણા=ઝીણા
ઝડપથી=ઉતાવળથી
મજલ=રસ્તો
પાણીદાર=પાણીવાળું શકિતવાળું
અરબી=અરબસ્તાનના
નીમકહલાલ=કરેલા ગુણને જાણનાર
પ્રીતિ=હેત
જીન=સાજ
બરદાસ=ચાકરી

પાઠ ૫૬ મો.

નાળબંધ=નાળબાંધનાર; નાળ જડનાર
ફેર=તફાવત
ઝુમખો=જથો
ખોંખારેછે=દણદણે છે
અડીઅલ=અટકણુ
ઠોઠ=મુર્ખ
ચાલાક=હોંશિયાર
તબેલો=જાનવરો બાંધવાની જગા

પાઠ ૫૭ મો.

તફાવત=ફેર
હડપચી=દાઢી
ભવાં=ભમર
પાંતરાં=પાંદડાં
વાંસો=બરડો

પાઠ ૫૮ મો.

આકાર=ઘાટ
વાસ=સોડ
સ્વાદ=રસ
ફીકર=ચિંતા
ધબાકો=અવાજ
લીસું=સુંવાળું

પાઠ ૫૯ મો.

રંગરેજ=ભાવસાર; રંગનારા	ભાત ભાતના=જાત જાતના	ખુલતો=ઉઘડતો
નજીક=પાસે	છુટી=રંગ	કેસરીઓ=નારંગી

મુળ રંગ ત્રણ છે. ૧, લાલ ૨, પીળો ૩, વાદળી.

બાકીના બધા રંગો મિશ્ર રંગ કહેવાય છે કારણકે તે જુદા જુદા રંગોના ભેગા કરવાથી થયેલા છે.

પાઠ ૬૦ મો.

ડીલ=શરીર	રંગદાર=રંગવાળા	ગરજ=દરકાર
દોશીવાણીઓ=કાપડનો ધંધો કરનાર	પંખી=જેને પાંખો છે એવાં જાનવર	

કપડાથી શરીરનું રક્ષણ થાય છે, ટાઢ, તાપ અને શરદી થતી નથી, માટે કોઇએ ઉઘાડા ફરવું નહિ.

જાનવરોને કપડાંની જરૂર પડતી નથી કારણ કે તેમના શરીર ઉપર પરમેશ્વરે વાળ, રૂવાં, પીછાં વગેરે કરેલાં છે. જે લુગડાંની ગરજ સારે છે તેથી તેમને તાપ, ટાઢ કે શરદી લાગતી નથી.

રૂનાં લુગડાં સાધારણ ગરમ છે તે ઉનાળામાં પહેરી શકાય.

ઉનનાં લુગડા જાતે ગરમ છે તેથી ચોમાસામાં અને શિયાળામાં પહેરી શકાય. એ સિવાય રેશમનાં, ઝાડની છાલનાં, ચામડાનાં પણ લુગડાં બને છે જે બધાંનો ઉપયોગ શરીરનું રક્ષણ કરવામાં થાય છે.

બીજી ચોપડીની કવિતાના અર્થ.

પાઠ ૨ જો. સવારનું વર્ણન.

સવારનુંવર્ણન=પ્રભાત ની હકીકત
વા'લા=પ્યારા
વાણુંવાયુ=પરોઢીયુંથયું
મુજ=મારા
વન=જંગલ
વીતી=પુરી થઇ
ઝગઝગાટ=પ્રકાશ, ઉજાશ
દીસ=દેખાવ
ભાતભાત=જુદી જુદી જાતનાં; રંગ બેરંગી
ડોલે=હાલે
મેના=પોપટની સ્ત્રી
ફુટડા=શોભિતા,રૂપાળા
ફીકું=ઝાંખું
મધુર=મીઠું
તેજ=પ્રકાશ
ઉડી ગયું=જતું રહ્યું
કાળું=ઝાંખું
ખુણાખાંચા=છાની જગ્યા; ખુણાવચાળા
ભક્તજનો=સ્તુતિ કરનાર માણસ
ધ્યાન=સ્મરણ
ધરે=કરે
ગવૈયા=ગાયન કરનારા
ગાન=ગાયન ભજન
દાતા=દેનાર આપનાર.
દીયે=આપે
રૂડું=સારૂં
દાન=કાંઇ પણ કીમત લીધા સિવાય અગર લેવાની ઇચ્છા સિવાય આપવું તે.
મુલ્લાં=મુસલમાનના ગુરૂ
બાંગ=બંદગી, નિમાજ; સ્તુતિ; પ્રાર્થના
તણો=નો
ઉદય=પ્રકાશ
અંધકાર=અંધારૂં
ભ્રમર=ભમરા
ગુંગુ=ગણગણાટ
પત્ર=પાંખડીના પાન
ઉમંગી=હોંસીલા
પંખેરૂ=પક્ષીઓનું ટોળું
વેલી=વેલા
નહિ ભુલ=વગર ચૂક, ભૂલ વગર.
તાજાં=તરતનાં
તુક=પાક, અનાજ
મગન=ખુશી
કેરૂં=નું
ધ્યાન=ચિત્ત; મન
માત=મા

(૧) હે મારા વહાલા બાળક! તું (ઉંઘમાંથી) જાગ (જો) પક્ષીઓ વનમાં બોલે છે, રાત પુરી થઇ અને સવાર થયું છે ને પૂર્વ દિશામાં (સૂરજ ઉગવાથી) અજવાળું–પ્રકાશ થયો છે. વળી રંગ બેરંગી જુદી જુદી જાતના રંગો દેખાય છે, અને ઝાડનાં પાંદડાં હાલે છે. હે મારા વહાલા બાળક! તું જાગ, [૨] કુકડા–મરઘડાઓ

કુકડેકુક બોલે છે અને કાગડા કાકા કરે છે. રૂપાળા મેના પોપટ અને મોર મીઠા રાગથી બોલે છે. હે મારા૦ (૩) [સૂર્યના ઉગવાથી] ચંદ્રમાનું અજવાળું ઝાંખું પડયું અને તારાઓનું તેજ દેખાતું બંધ થયું. ચોર લોકો (પકડવાની બીકથી) ઝંખવાણા થઇ સંતાઇ જવા માટે ખુણા વચાળા ખોળે છે. હે મારા૦ (૨) ભક્ત માણુસો ઇશ્વરનું ધ્યાન ધરે છે. અને ગાયન કરનારાઓ ભજન ગાય છે. દાતાર (ગૃહસ્થ) માણુસો સારૂં દાન કરે છે, અને મુલ્લાંજી [મસીદમાં] બાંગ પોકારે છે. હે મારા૦ (૫) સુરજના ઉગવાથી [પ્રકાશથી] રાતનું અંધારૂં જતું રહ્યું ભમરાઓ ગણગણાટ કરે છે. અને કમળની--પોયણની પાંખડીઓ ઉઘડે છે. હે મારા૦ (૬) દિવસ જેમ જેમ ચઢતો જાય છે, તેમ તેમ માણુસો કામ કરવાને હોંશીલા થાયછે. આકાશમાં પક્ષીઓનાં ટોળાં દોડે છે, અને ઢોરો ખોરાક શોધવા માટે [ખેતરોમાં] જાય છે હે મારા [૭] ઝાડ, વેલા, ફળ અને ફુલ એ બધાં ધીમે ધીમે જરાપણ ભૂલ સિવાય ખીલે છે પક્ષીઓ ટોળે મળીને તરતનો પાકેલો ખોરાક (દાણા) ખાવા જાય છે. હે મારા૦ [૮] (મા પોતાના છોકરાને કહે છે) હે ભાઇ ! તું પરમેશ્વરનું નામ લઇ ઉમંગથી ઉઠ અને મન લગાડીને પાઠ કર. હે મારા૦

પાઠ ૫ મો. સંગત વિષે.

સંગ=સોબત	ઠરશે=બેસશે	મહેતાના=મહેતાજીના
રંગ=અસર	રૂડે સંગે=સારી સોબતથી	ભાગ્યશાળી=નશીબદાર
ચેસે=આવે		વિદ્યા=જ્ઞાન
ઠામ=ઠેકાણું	બુરેસંગે=નઠારા સોબતે	
પ્રેમ=હેત	બુરો=નઠારો	

(૧) જેને જેવી સોબત (હોય છે) તેને તેવી (સોબતી જેવી) અસર થાય છે. જેને જેવી સોબત (હોય છે) તેવી

(સોબતીના જેવો) અસર તેનામાં આવે છે. [૨] જેને જેવી સોબત તે તેવાં કામ કરે છે. જેને જેવી સોબત, તે તેવે ઠેકાણે જઈને બેસે છે. (૩) સારી સોબતથી સારો થાય છે, અને નઠારી સોબતથી નઠારો થાય છે સારા (હોંશિયાર) મહેતાજીની સોબતથી નશીબદાર (છોકરો) વિદ્યા ભણે છે.

સાર—આપણામાં કહેવત છે કે "સોબત તેવી અસર" એટલે જેવી સોબત હોય છે તેવીજ સોબત કરનારામાં અસર–ગુણ આવે છે. એટલે જો નઠારા માણસની, ચોરી કરનારની, જુઠું બોલનારની વિગેરે જેનામાં નઠારી ટેવો છે તેવાની સોબત કરી હોય તો આપણામાં પણ તેના ગુણ દાખલ થાય છે, અને જો કોઇ સાચા બોલા અને વિદ્વાન માણસની સોબત કરી હોય તો તેનામાં પણ સાચાબોલના અને વિદ્વતાના ગુણ દાખલ થાય છે, માટે દરેક માણસે સોબત કરતી વખતે તેના ગુણ, રીત, રિવાજ વિગેરે જોઇને કરવી.

પાઠ ૧૦ મો. ફરી ફરીને કામ કરવા વિષે.

જાળ=જાળી;કરોળીઆ જીવડાંને પકડવા માટે પોતાના મોંઢાની લાળથી જાળી બાંધે છે તેને કરોળીયાનું ઘર કહે છે.
ભોંય=જમીન
ગભરાય=અકળાય
હેઠે=નીચે
વણતુટેલે=તુટયા વગરને
તાંતણે=તારે
ઘાટ=લાગ
શરૂ કરી=ચાલુ કરી
માટ=માટે
ધીરજ=શાંતી
ફાવ્યો=ફળીભૂત થયો
કો=કોઇપણ
ખંતથી=કોંડથી
હોંશથી=ઉમંગથી; ખંતથી
ભીડયો=ખાઝયો, મંડયો
વણમોત=મોતવગર
નીરધાર=નક્કી
ફરીફરીને=વારંવાર
અનંત=ઘણા
યત્ન=મહેનત
ચગદાઇ=છુંદાઇ, દબાઇ
આળસ=એદીપણું
તજી=છોડી દઇ

[૧) કરોળીઓ જાળ (પોતાને રહેવાનું ઘર) બનાવતાં ભોંય–જમીન ઉપર પડી જવાથી ગભરાય છે, અને તુટયા સિવાયના તાંતણા ઉપર ચઢવા માટે જાય છે.

(૨) તેણે તાંતણા ઉપર ચઢવા માટે મહેનત ચાલુ કરી પણ પાછો હેઠે પડયો અને ઉપર ચઢવા માટે કોઇપણ લાગ ફાવ્યો નહિ.

(૩) એ પ્રમાણે વારંવાર (ઉપર ચઢવા માટે) એ ત્રણ-વાર મંડયો રહ્યો તો પણ તેમાં નહિ ફાવવાથી ફરીને તૈયાર થયો.

[૪] હિંમત રાખીને હોંશ-ઉમંગભેર છઠ્ઠીવાર ચઢયો અને ધીરજ રાખી તો જાળ ઉપર નક્કી જઇને પહોંચ્યો.

(૫) જો તેણે હોંશથી વારંવાર મહેનત કરી હોત નહિ, તો (પ્રાણીના) પગતળે ચગદાઇને વગર મોતે મરી ગયો હોત.

(૬) એ પ્રમાણે [કરોળીઆની પેઠે] જે માણસો મનમાં ઉમંગ રાખીને આળસ છોડી દઇ મહેનત કરે તો ઘણોજ ફાયદો—લાભ મેળવે.

પાઠ ૧૫ મો. હળીમળીને ચાલવા વિષે.

મળી=એકઠા થઇ	સઘળો=બધો	દહાડા=દિવસ
બંને=બે	શોક=દીલગીરી	કદી=કોઈ દિવસ
સંપી=હળીમળી	લાજ=આબરૂ	લેશ=જરા
સુખ=આનંદ	ઘટે=ઓછી થાય	કલેશ=કજીઓ
ચેન=મજા, ગમત	નિંદે=ભૂંડું બોલે	હળતામળતાં=સંપીને
લડે=વઢે	બળવંતા=જોરાવર	ગીતો=સારાં ગાયન

(૧) હે બેન ! આપણે બન્ને જણા જો હળીમળીને રમીએ તો સુખ અને ગમ્મત થાય, પણ જો વઢીએ કે રડીએ તો બધું ઉદાસ—દીલગીરી લાગે અને તેથી આપણી આબરૂ ઓછી થાય અને લોકો આપણું ભુંડું બોલે.

(૨) હે મારા જોરાવર પરમેશ્વર બાપ ! તું અમને હમેશાં સંપીને રહીએ એવું આપ, કે જેથી કરીને અમારા દિવસો આનંદમાં જાય અને કોઇ દિવસ જરા પણ કજીઓ-કંકાસ થાય નહિ.

[૩] છોકરાં હળીમળીને રહેતાં હોય, અને કોઇપણ દિવસ વઢતાં કે રડતાં ન હોય, અને ખાઈપીને ગાયનો ગાતાં ફરતાં હોય તો તેઓની મા મનમાં રાજી થાય છે.

પાઠ ૧૭ મો. વગર વિચાર્યું ન કરવા વિષે.

વગર વિચાર્યું=વિચાર કર્યા સિવાયનું	પસ્તાય=અફસોસ કરે જાન=જીવ

જે માણસ વિચાર કર્યા સિવાય કામ કરે છે તેને પાછળથી ઘણો પસ્તાવો થાય છે. જુઓ કે એવાં (વિચાર કર્યા સિવાયનાં) કામ કરવાથી ઘણા માણસોના જીવ જાય છે.

પાઠ ૨૫ મો. કુહાડી વિષે.

બાળ=બાળક, છોકરો	ઝાંપે=ભાગોળે	સદા=હમેશાં
પિતા=બાપ	નીર=પાણી	ઝુલતાં=ઝોકાંખાતાં
બન્યો=થયો	તાંહી=ત્યાં	સમાતાં=ડુબતાં
બહાદુર=હિંમતવાન	નિહાળ્યું=જોયું	સુણી=સાંભળી
શાણો=ડાહ્યો	માંહી=અંદર	સાદ=અવાજ
ઘાવ=ઘા	ડર્યો=બીન્યો	ભલાં=સારાં
ચીજ=વસ્તુ	દીલે=મનમાં	વદે=બોલે
ભાળે=દેખે, જુએ	તે ઘડી=વખતે	દીધી=આપી
ખેલતો=રમતો	ચીસ=રાડ, બુમ	સાથ=સાથે

(૧) એક નાનો છોકરો પોતાના બાપની કુહાડી લઇને જાણે હિંમતવાન ડાહ્યો બાયડો હોયની! તેમ થયો. જે વસ્તુ દેખે તે ઘા મારીને કાપી નાંખે; એમ રમતો રમતો ગામની બહાર તળાવ હતું ત્યાં ગયો.

(૨) ત્યાં [તળાવમાં] મચ્છલાએ પાણી જરા હલાવ્યું તેથી આ જોકે પાણીની અંદર કાંઇક જોયું; એટલે બાળક બીન્યો અને કુહાડી પાણીમાં પડી ગઇ તે વખતે ઘણી ચીસ પાડીને રડવા લાગ્યો.

(૩) હમેશાં પાણીમાં ઝોકાં ખાતાં અને ડુબતાં એવાં સારાં દેવી માતા તે છોકરાનો સાદ સાંભળીને આવ્યાં અને બોલ્યાં કે, આ રૂપાની કુહાડી લે પણ બાળક કહે છે કે માતા! મારી કુહાડી એવી નથી

(૪) બીજી વખતે સોનાની કુહાડી લાવી બતાવી, ત્યારે બાળક માથું ધુણાવીને કહે છે, કે એ પણ મારી નથી, મને તો મારી કુહાડી સારી ગમે છે, માટે હે ભલાં માતાજી ! તમે પાણીમાંથી તે મારી કુહાડી કહાડી આપો.

હોહરો.

સંપત=ધન; દોલત	મહેર=કૃપા, મહેરબાની
હોજો=થજો	જગનાથ=જગતનો ધણી, પરમેશ્વર

દેવીએ (પાણીમાંથી કુહાડી) કાઢી આપી, ને તે બાળક સાથે બોલી, તને સુખ અને દોલત મળજો, અને પરમેશ્વરની તારા ઉપર મહેરબાની થજો.

પાઠ ૩૪ મો. પ્રભુનો મહિમા.

મહિમા=મોટાઇ	પા'ડ=પાહાડ, પર્વત	સુદ=અજવાળીયું
જગપતિ=દુનિયાનોધણી	ચરાડ=મોટા ટેકરા	તણી=ની
જગમાં=દુનિયામાં	સિંધુ=દરિયા	કળા=શોભા, પ્રકાશ
રચી=બનાવી	સરિતા=નદી	વદ=અંધારીયું
રચના=બનાવટ, ગોઠવણ	ધાટ=રસ્તો	રૂડો રંગ=સારી શોભા
રૂડી=સારી	રળિયામણી=શોભિતિ	ચાવણું=ખોરાક ખાવાનું
અપાર=ઘણી	વનવાસ=જંગલનોરસ્તો	ઉપકાર=આભાર, ગુણ
પ્રાણીઓ=જીવો	શીતળ=ઠંડો	કળ =શક્તિ
સરજાવ્યાં=બનાવ્યાં	ઠંડક=ટાઢક	કળી=જાણી, ઓળખી
નવરંગી=જુદાજુદારંગનાં	સાર=સારી	સરજી=બનાવી
ખીલતાં=ઉઘડતાં	નિરધાર=નક્કી	સરજનહાર=દુનિયાને બનવનાર પરમેશ્વર
શોભતાં=દીપતાં	ઝુલતાં=લટકતાં	
તરૂપાન=ઝાડનાં પાંદડાં	મધુર=મીઠાં	
	નાદ= અવાજ	

(૧) દુનિયાના બનાવનાર પરમેશ્વરે દુનિયામાં ઘણી સારી બનાવટ બનાવી છે, અને દુનિયામાં નાનાં મોટાં પ્રાણીઓ પણ બનાવ્યાં છે.

(૨) જુદી જુદી જાતનાં ફુલો ખીલી રહ્યાં છે, અને પક્ષીઓ ગાયન કરે છે, પાંખોના અને ઝાડનાં પાંદડાંના સુંદર રંગો શોભા આપે છે.

(૩) મોટા મોટા પહાડો, ઉંચા ટેકરા, દરિયા, નદીઓ અને નદીના ઘાટ, શહેર અને જંગલના રસ્તા વિગેરેની આ રચના સુંદર બનાવી છે.

(૪) શિયાળામાં ઠંડો પવન સારી ઠંડક આપે છે, અને ઉનાળામાં સુર્યના તાપથી ખરેખર—નક્કી ગરમી પડે છે.

(૫) ચોમાસાના દિવસોમાં વરસાદ વરસે છે, અને ઝાડે ફળો લટકતાં દેખાય છે. વળી મોર મધુરા—મીઠા અવાજ કરે છે.

(૬) અજવાળીયામાં ચંદ્રનું તેજ ઘણું આનંદ આપે છે, અને અંધારીયામાં તારા—ચાંદરણીના તેજનો પ્રકાશ સારો દેખાય છે.

(૭) મોટાં મેદાનો રમત ગમતને માટે બનાવ્યાં છે, અને વળી પાણીમાં વેલા અને પાંદડાં કેવાં તરે છે !

(૮) જોવાને માટે આંખો આપી છે, અને સાંભળવા માટે કાન આપ્યા છે, બોલવાને માટે જીભ બનાવી છે હે ભગવાન ! તેં બહુ સારૂં કર્યું છે.

(૯) દાંતની સાથે ખોરાક—ખાવાનું આપી ઘણોજ ઉપકાર કર્યો છે. દુનિયાના બનાવનાર પરમેશ્વરની આ નવાઇ પમાડે એવી શકિત કોઇથી જાણી શકાતી નથી.

સાર—જેણે આપણને અને આ દુનિયાને બનાવી છે અને વળી આપણે માટે ખાવાનું, રહેવાનું, ઓઢવાનું વગેરે અનેક સાધનો તૈયાર કર્યા છે એવા પરમેશ્વરને જરા પણ ભુલવો નહિ. મતલબ કે આખી જીંદગી સુધી તેનું આપણે ભજન કરવું જોઇએ.

પાઠ ૩૫ મો. વસંતઋતુ.

વિશાળ=મોટા	તીતર=તેતર	અપાર=ઘણા
છજેલ=પથરાએલા	પંખી=પક્ષી	શોભે=દીપે, શોભા આપે
તંબુ=ડેરા	વિશેષ=વધારે	ખીલી=ઉઘડી
રૂપ=આકાર	બેશ=સારૂં	ચાંદની=ચંદ્રમાનો પ્રકાશ
પૃથ્વી=જમીન	ઘોળી=બનાવી	ચારેકોર=બધી દિશાએ
પલ્લવ=પાન	ખેલે=રમે	સ્વાદે=મીઠાશથી
ધરી=ધારણ કરી	ચૌટાં=બજાર	જન=માણસ
સ્હોય=શોભે	ગુંજાર=ગણગણાટ	શીતળ=ઠંડુ
મીઠા=મધુરા	નવરંગ=જુદી જુદી જાતના રંગ	નીર=પાણી
કલ્લોલ=આનંદ		સુખીઉ=આરોગ્ય;સુખી

(૧) મોટા વડ ઉપર પથરાએલા વેલા જાણે તંબુ તાણેલા હોયની તેવા દેખાય છે. કેળ, નાળીએરી ને તાડ એ ઝાડો ધજા વાવટાના આકાર [નીશાન] જેવાં જણાય છે.

[૨] ઝાડનાં પાન પાકી જવાથી પીળાં થઇ જમીનપર ખરી પડે છે. પછી ઝાડને નવાં પાંદડાં આવવાથી ઝાડ શોભીતાં દેખાય છે.

[૩] કોયલ મધુરા વચન બોલે છે, અને મેના પોપટ આનંદ કરે છે. તેતર, કબુતર વગેરે બીજાં પક્ષીઓ રાગ કાઢીને ગાય છે અને સારૂં નાચે છે.

[૪] કેસુડાંનો રંગ બનાવી લોકો હોળીની રમત રમે છે. બાગમાં ફુવારા ઉડાડે છે, અને બજારોમાં અને ચોકમાં પાણીનો છંટકાવ કરે છે.

[૫] ભમરાઓ ગુંજાર કરે છે, અને ઝાડો ઉપર જુદી જુદી જાતના ઘણા રંગો દેખાય છે. આંબા ઉપર મોર શોભા આપે છે, અને ચારે તરફ ચંદ્રનો પ્રકાશ ખીલી રહ્યો છે.

(૬) માણુસો શીખંડને મીઠાશથી ખાય છે, અને ઠંડુ પાણી પીએ છે. દક્ષિણ અને પશ્ચિમ દિશાના પવનથી શરીર સુખી રહે છે.

પાઠ ૪૮ મો. ખેડુત વિષે.

રે=હે	નીપજાવે=ઉપજાવે	સંતોષ=જે મળી આવે તેનાથી રાજી રહેવું
ખેડુત=ખેતી કરનાર	અન્ન=અનાજ	ઉત્તમ=સર્વથી સારૂં
ખરે=નક્કી	ધરે=પહેરે	પરઉપકારી=બીજાનું ભલું કરનારી
જગતનો=દુનિયાનો	વસ્ત્રો=કપડાં, લુગડાં	ખંત=કાળજી, ચીવટ
તાત=બાપ; પૂજ્ય	ભાવે=હોશે	દીએ=આપે
ગણાયો=મનાયો	સહે=વેઠે	શિખ=શિખામણ
સઘળો=બધો	તાપ=તડકો	
પાળતો=જીવાડતો	મહેનત=ઉદ્યોગ	
જણાયો=દેખાયો	દઢ=મજબુત	
ધાન્ય=અનાજ	સદા=હમેશાં	

(૧) ખેડુત ! તું ખરેખર આ દુનિયાનો બાપ—પૂજ્ય ગણાય છે, અને આ દુનિયાના તમામ પ્રાણીઓ જીવડનાર પણ તુંજ જણાય છે, (કારણ કે તું જે અનાજ પકવે છે, તે ખાઇને બધા જીવે છે.)

[૨] તું કપાસ, ફળ, ફુલ, ધાસ અને અનાજ વગેરેને પકવે છે તે અનાજ બધા પ્રાણીઓ ખાય છે, અને માણુસો ઉમંગથી શરીરે લુગડાં પહેરે છે.

[૩] તડકો અને વરસાદ તું સહન કરે છે અને વળી ઘણી સખત મહેનત કરે છે, તેથી શરીરે મજબત રહીને હમેશાં સંતોષમાં રહે છે.

(૪) ખેતી એ ખરેખર ઉત્તમ અને બીજાનું ભલું કરનારી છે, માટે ખરા દિલથી હોંશ રાખીને કામ કરવાની દુનિયાના માણુસોને તું સારી શિખામણ આપે છે.

પાઠ ૫૧ મો. મધમાખી વિષે.

મધમાખી=મધ બનાવનારી માખી
હુન્નર=કસબ, કળા
તણી=ની
મે'નતુ=ઉદ્યોગી
મનહર=મનને આનંદ પમાડે તેવો
મધપુડો=મધમાખીના ઘરને મધપુડો કહે છે અને તેમાં માખીઓ મધ ભરી રાખે છે.
રચે=બનાવે
રસ=સ્વાદ
તત્કાળ=તે વખતે
મીઠું=ગળ્યું
સર=થાય
અપાર=ઘણા
ડાહી=સમજણી
ચોકખી–સાફ; સુઘડ
દિસે=દેખાય
આળસ=એદીપણું
તજે=છોડીદે, મુકીદે
પંકાય=વખણાય

(૧) હે મધમાખી! તું એટલી બધી મહેનતું છે કે જાણે હુન્નરની નિશાળ હોયની! મનને આનંદ પમાડે તેવો સુંદર મધપુડો બનાવી તે વખતે તેમાં સ્વાદ (ગળપણ) મુકે છે.

[૨] મીઠું મધ ચુશી મીણ લઈ બનાવે છે, તેથી ઘણાં કામ થાય છે, અને તે (મધ અને મીણ) ઘણો ફાયદો કરે છે.

[૩] આવું નાનું સરખું જીવડું છે, છતાં કામ મોટાં (જરૂરનાં) કરે છે. તું ડાહી અને સુઘડ દેખાય છે, અને બધું આળસ છોડી દે છે.

(૪) કીડી કરોળીઆ અને મંકોડા વગેરે જેઓ ઉદ્યોગી જીવડાં કહેવાય છે તેમાં હે મધમાખી ! તું વખણાય છે, એટલે તે બધાથી તું ઉત્તમ ગણાય છે.

સાર—મધમાખી અને કીડી જેવા પ્રાણીઓ સુઘડ રહી આવો ડહાપણભર્યો ઉદ્યોગ કરે છે તો આપણે તો અવશ્ય કરવોજ જોઇએ.

ડિકટેશન.

પરમેશ્વર	સરજ્યાં	માગશર	વખુટી	મિઠાઇ
વટેમાર્ગુ	ઉતરાણ	પોષ	સુખડીઆ	લક્કડ
ભક્તિ	તિથિ	શિઆળો	બહેકબહેક	પુષ્કળ
ધર્મશાળા	પર્વ	સુદ	દ્રાક્ષ	સુતરાઉ
સુરજમાંથી	શ્રાવણ	ત્રીસ	તૈયાર	ભીનનું
અંધારૂં	પખવાડીઆં	ચૈત્ર	દુકાનો	સરધાની
ચંદ્રમા	પુનમ	ઇશાખંડ	કંસારાની	સિપાઇઓ
અજવાળું	કારતકી	ચોમાસું	પિત્તળ	ફુદડી
પૃથ્વી	મહીનો	દિવાળી	રેંડા	પુતળી
કુદતી	પ્રાણીઓ	અજીતસિંહ	શણગારવી	સમજાવ્યું
દોસ્ત	અજાણ્યું	બહાદુરસંહ	બેનપણીઓ	મૂર્ખ
લોહીલોહાણુ	ગોધતો	કિલ્લો	મૂકેલું	અભાગણી
ભાગ્યશાળી	બંદીખાનામાં	ચક્કરમાં	વિવાહમાં	બચાવનાર
ડીકરૂં	ચાંદની	દહ	કદા	હોંશિયાર
કુકડ	કુતરાને	છુટો	રામચંદ્રજી	કુતરો
નિશાળ	છુટું	મિત્ર	કૌશલ્યા	સંદેશો
સજ્જડ	સમજાવ્યું	પીતરાઇ	ગણકાર્યું	પહોંચાડી
પ્રેમ	ઉધ્યાં	સુનું	ફેંકી	ખોડંગતો
પૂછયું	ભાઇભાંડુ	રસ્તો	ખીજવાયા	માયાળુ
કહ્યું	ઢોંગ	આહાહાહા	મધુર	ભાઇભાંડુ
લગાવ્યો	ભાગ્યે	સિવાય	હાલરડું	દુ:ખી
ખુંદાઇ	પસ્તાયો	કુટુંબ	મહારાજા	ત્રીજાએ
ડાહ્યો	મુદલ	સ્વાદે	પ્રધાનને	હરાણું
ફોઇપગલું	પાટલુન	સોહામણી	દપણને	શીખવવાનો
મસ્તી	હડીસીંગ	અર્ધું	બ્રાહ્મણનું	પસંદ
હાડવઇદ	નાહતાં	મુલક	કચરોપુંજો	શાબાશી
છોકરૂં	રિસાય	છંછેડે	વિદ્યાર્થીઓને	જણાવ્યું
ભાખ્યું	પીરસતી	ધાન્યથી	ગુજરાન	અમારૂં

કુટેવ	ઊંહઊંહ	પોંક	છોકરાંછૈયાં	આગગાડીના
ભેંકડો	મુદ્દલ	ભાણાભાઈ	ઇશ્વર	ગાર્ડને
પહોંચાડયો	આણ્યું	પુતળાં	નોળીઆનું	સરનામું
શીખામણથી	ચકભિલ્લુ	ઉલટભેર	બચ્યું	સ્ટેશન
જક્ષીધેટું	કુચ્છ	વાતલીમાં	તરફડતું	ફેંકજો
શિકારી	ભૂલથાપ	હોંસભેર	ઉછેરીને	સિસોટીનો
અભાગીઉં	પેંતરા	વહેંચી	સુવાડી	પંપાળીને
વિઆય	બહાદુરી	ફુટયું	સોંપી	મિનિટ
ભેંસો	મહેતાજી	ઢીંગલી	ગુસ્સો	ખબરદાર
હુંફમાં	ગુરૂ	ઝુટવી	લોહીઆળું	હીંચકા
પીવાડતો	ઠરાવ્યા	ચીથરાંની	ભાગીતુટી	હિંચોળે
ઢીંમણું	નાહવા	ઓચીંતી	દક્ષીણ	દુકાનદારો
હડસલી	ખુલ્લું	તડંગધુમ	વસ્તુનો	લક્ષ્મણ
બાદશાહ	ગુમાવ્યું	પ્રાર્થના	માસ્તર	ટિકિટ
ખલીફા	ફક્ત	પહેરામણી	સ્લેટ	ફુંકાય
રૈયત	છીનવી	તીર્થ	પહોળાઇ	ગુંગળાઇ
નીમણૂકની	ભુલીશ	દુશ્મન	ફુટપટ્ટી	બારણું
શાહજાદીઓ	ભરપૂર	અભેસીંગ	વિજયા	મૂળમાંથી
ચીતરામણ	ખૂબસુરત	મોહનસીંગ	મુકુંદ	ફળીઉ
રમકડાંથી	રૂપિયા	માનસીંગ	પ્રમાણે	ધાન્ય
તહેનાતમાં	હૈયું	પરણાવ્યા	લંબચોરસ	સેકાઉ
ફરજંદોને	દુઃખ	દશેરાનું	ગેલેરીઓ	જંતુ
અલ્લાએ	બરદાસ	હીંમત	સ્ટેશન	નિર્દય
દીલગીરી	ભુખ્યા	લુણ	નિશાળ	સાંભળવાનું
ઓહ્દો	ચોકખા	ફેંક્યો	ચીતરવી	કહાણી
છબીઆવાળી	શીંગડાનો	ચર્યો	સમજ્યા	જન્મ
ઓખારો	કટકા	તડુકતો	ક્યારડા	છિદ્રો
લંગડો	ખેંચતાણ	કૂદતું	ઇશ્વરલાલ	તાંબાકુંડી
મજબુત	પહોંચ્યા	ફુલાવી	લલ્લુ	ટંકશાળ
ભાગોળમાંથી	શિયાળ	હંમેશાં	અહીંથી	ભોંયમાંથી

હાડકું	રંગરેજ	ધ્રુજતો	સુગમ	સિક્કા
ગુમાવ્યું	પ્રાણીઓ	ઋતુમાં	અધિકારીઓ	શિરોઈ
બકરૂં	સિંહને	અંગુઠીઆં	બંદોબસ્ત	વર્ગમાંના
હડખાએલા	ભઠ્ઠીમાં	ટુંકડું	મામલતદાર	કુમળું
ત્રીજો	લગ્ન	પહોંચ્યા	દાકતર	ખુજળી
કાવકું	પિએરથી	પુષ્કળ	હવાલદાર	ઝીંઝવો
પહેરેલું	ચૌટામાં	દિશાઓ	વહેંચતો	ધુપેલ
શિકારી	રડયુંખડયું	પશ્ચિમ	હુંડી	સુંવાળી
જાડું	તમારૂં	પૂર્વ	વનસ્પતી	અત્તર
છુટું	આપકર્મી	કસરતશાળા	ઘોંઘાટ	મૂળીઆં
ઉચકયાથી	બાપકર્મી	ઉત્તર	ધગધગતા	નકામું
સુકવીને	કાદવકીચડ	આળસુ	નક્કર	ઇંદ્રિયો
પુણીઓ	દિવાળી	કુકરેકૂક	ઝપાટાબંધ	સ્વાદ
સુગંધ	લીલાછમ	કુકડો	ભુસું	સૂંઘી
પાંદડીવાળું	છુટુંછુટું	ઉકરડા	દોડનારૂં	જાણ્યું
સુપડાં	સુકવશે	મુસલમાન	ટટુ	ઉંચું
ભૂજ	કુક્કર	ખાબોચીઆમાં	કણાગરૂં	નીચું
મહીકાંઠા	વંતા	ભિંજાતું	ખચ્ચર	સુંવાળી
સળંગ	સંબંધી	અણીદાર	પુછડીને	સાલ્લા
ગુચ્છો	ભોંયપર	પાળ્યાં	ઝુમખો	છૂટી
ઇબ્રાહીમ	અગિઆર	ખોતરવાની	ખોંખારે	કીરમજી
ખેડુત	શિઆળવાં	વળગુંધું	ગધેડું	ખુલતો
હળપુણી	નુકસાન	વસ્તુ	ભૂંકે છે	કેસરીઓ
લઢુ	વારંવાર	રઝળી	અડીઅલ	ઓછાવત્તા
એકસામટું	ઉજળો	ચીંચીં	ધીરજવાળું	ગુલાબી
ખુમરી	હિસાબે	ઊડઊડ	ટુંકું	બારતો
સંતોષ	સફેદી	મજબુત	ડુંગરા	દોશીવાણીઆ
કૌવતવાળું	રંધાય	કેશવાળી	તાળવું	ભીંગડા
વચ્ચો	ઘઉંને	પ્રીતિ	ઢીંચણ	જામદાની
ઉત્તમ	જુવાર	ટટ્ટી	હડપચી	કપડું

અથાણું	તત્કાળ	નીમકહલાલ	મેમાં	અંગરખા
અવડાવવું	મધપુડો	પ્રાણીનો	વચ્ચે	સુતરનાં
નીરેખું	બગાડયું	પુછડી	તળીઉં	છીંટ
લુહારે	ઇંડાં	સુંવાળા	ઘુંટી	લુગડાં,

પદાર્થપાઠ.

સવાર ને સાંજ.

પ્ર૦ દિવસના કેટલા ભાગ છે અને કયા કયા ?

ઉ૦ ત્રણ. (૧) સવાર [૨] બપોર [૩] સાંજ.

પ્ર૦ સવાર કોને કહે છે ?

ઉ૦ સૂર્ય ઉગે તે વખતને.

પ્ર૦ સાંજ કોને કહે છે ?

ઉ૦ સૂર્ય આથમે તે વખતને.

પ્ર૦ બપોર કોને કહે છે ?

ઉ૦ સૂર્ય માથે આવે તે વખતને.

પ્ર૦ સવારમાં આકાશ કેવું દેખાય છે ?

ઉ૦ પૂર્વ દિશામાં સૂર્ય ઉગતો દેખાય છે. તે સોનેરી રંગનો પીળો દેખાય છે. આકાશનો રંગ તે વખતે લાલ દેખાય છે. ધીમેધીમે સૂર્ય ઉંચે આવતો જાય છે અને ધોળા રંગનો થતો જાય છે. દુનિયા ઉપર રાતના અમલનો પડેલો અંધારાનો પડદો દૂર થતો જઇ અજવાળું પ્રકાશતું જાય છે.

પ્ર૦ સવારમાં શું કામ થાય છે ?

ઉ૦ બધાં સુતેલાં ઉઠી, દાતણપાણી કરી, સૌ સૌને ધંધે વળગે છે.

વૈરા પોતપોતાનો ઘર ધંધો કરે છે, ખેડુતો ખેતીના કામે તૈયાર થઈ જાય છે, દુકનદારો દુકાન ઉઘાડી વેચવા—સાટવાને કામે જાય છે, મજુરો મજુરીએ, એમ સૌ સૌને ધંધે વળગે છે. વિદ્યાર્થીઓ પોતપોતાનો અભ્યાસ કરવા માંડે છે, પણ પંખીઓ પોતપોતાની જગાએથી ઉડી હરવા ફરવા માંડે છે.

પ્ર૦ સૂર્ય ઉગે ત્યારે પદાર્થનો પડછાયો કઈ તરફ પડે છે? બપોરે કઇ તરફ અને સાંજે કઇ તરફ પડે છે?

ઉ૦ પશ્ચિમ તરફ. બપોરે વસ્તુની નીચે અથવા પગતળે, અને સાંજે પૂર્વ તરફ.

પ્ર૦ સવાર અને સાંજે તાપ ઓછો કેમ લાગે છે? અને બપોરે વધારે કેમ લાગે છે?

ઉ૦ સવારે અને સાંજે સૂર્યનાં કિરણ ત્રાંસાં પડે છે તેથી ઓછો તાપ લાગે છે અને બપોરે સૂર્યનાં કિરણ ઉભાં પડે છે તેથી તાપ વધારે લાગે છે.

પ્ર૦ સાંજની સ્થિતિ કેવી હોય છે?

ઉ૦ આકાશનો રંગ લાલ થતો જાય છે. ધીમે ધીમે અજવાળું ઓછું થતું જઇ અંધારૂ થવા માંડે છે, પક્ષીઓ માળા તરફ જવા માંડે છે, ઢોર ચરીને ઘેર આવે છે, ઘેર ઘેર દીવાના પ્રકાશ થાય છે, લોકો વાળુ કરવા માંડે છે, અને વિશ્રાંતિ માટે આરામ લેવાની તૈયારી કરે છે.

હવા અને પવન.

પ્ર૦ હવા કોને કહે છે?

ઉ૦ જે પવન હાલતો ચાલતો નથી અને સ્થિર છે તેને હવા કહે છે.

પ્ર૦ પવન કોને કહે છે?

ઉ૦ હવા જ્યારે ગતિમાન થાય છે એટલે ચાલે છે ત્યારે તેને પવન, વા કે વાયરો કહે છે.

પ્ર૦ વાવાઝોડું કોને કહે છે ?

ઉ૦ પવન જોરમાં વાવાથી તોફાન થાય તેને વાવાઝોડું કહે છે,

પ્ર૦ હવા અને પવન ક્યાં રહેલાં છે ?

ઉ૦ આ પૃથ્વીની ચારે તરફ ખાલી જગામાં પૃથ્વીથી વધારેમાં વધારે ઉંચે બસેં મૈલ સુધી છે.

પ્ર૦ હવા કે પવન પ્રાણી અને વનસ્પતિને મળે નહિ તો શું થાય ?

ઉ૦ તેના વગર પ્રાણી માત્ર મરી જાય, માટે ઈશ્વરે ખાલી જગામાં બધે તે ભરેલી છે.

પ્ર૦ દિવસના કયા ભાગની અને કઈ જગાની હવા સારી અને તે શા માટે ?

ઉ૦ સવાર અને સાંજની, કારણકે તે વખતની હવા ઠંડી હોય છે; અને તે હવામાં પ્રાણવાયુ નામની હવાનું તત્ત્વ ચોકખું અને વધારે હોય છે કે જેનાથી આપણે જીવી શકીએ છીએ. તે વધારે હોવાથી આપણા શરીરનું સારી રીતે પોષણ થાય છે. માટે સવાર સાંજની હવા બહારની ખુલ્લા મેદાનની વધારે સારી હોય છે, કારણ ખુલ્લા મેદાનમાં વધારે સ્વચ્છ હવા મળે છે.

પ્ર૦ ગામડામાં રહેવું કયા કારણે લોકો પસંદ કરે છે, અને શહેરમાં રહેવું ક્યા કારણે પસંદ કરે છે ?

ઉ૦ ગામડાની વસ્તી થોડી અને છૂટી છૂટી હોવાથી આસપાસ ઠંડી અને સ્વચ્છ હવા વધારે મળે છે. માટે તંદુરસ્તીને માટે ગામડામાં રહેવું સારૂં છે. મોજશોખ ભોગવવા માટે શહેર સારૂં

કારણ કે ગામડામાં મોજશોખની વસ્તુઓ પૈસા આપતાં છતાં પણ મળતી નથી માટે મોજશોખ ભોગવવા માટે શહેર સારૂં છે.

પ્ર૦ પવન શા માટે કામનો છે ?

ઉ૦ દરિયા ઉપરની સૂર્યના તાપને લીધે પાણીની થયેલી વરાળને એકઠી કરી જમીન ઉપર ખેંચી લાવી વરસાદ વરસાવે છે જેને લીધે અનાજ, ઘાસ પાકે છે અને તેથી પશુ પંખીઓ જીવી શકે છે; વળી પવનથી ફુલોની સુગંધી બધે ફેલાય છે અને દુર્ગંધી પણ બધે ફેલાઇ જવાથી તંદુરસ્તી અટકે છે. તેનાથી સમુદ્રમાં વહાણો ચાલે છે વગેરે.

ચાક.

પ્ર૦ ચાક એ શું ચીજ છે અને તેની બનાવટ કેવી રીતે થઇ છે ?

ઉ૦ ચાક એ એક જાતની માટી છે, તે દરિયાને તળીએ બનેલી અને તેને દરિયામાં રહેનાં નાનાં જીવડાંએ બનાવેલો છે. દરિયાના તળીઆ ઉપર ચોમાસામાં તણાઇ આવતી માટી કાંકરા કચરો વગેરેના થર બાઝી તળીઉં પુરાઇ જમીન થતી ગઇ અને દરિયો ત્યાંથી આઘો ખસતો ગયો તેમ તેમ ખાણો ખોદતાં તે માણસોને હાથ લાગ્યો.

પ્ર૦ ચાકમાં ક્યા ક્યા ગુણ છે ?

ઉ૦ તે ધોળો છે, પોચો છે, પાણીમાં ઓગળે નહિ તેવો, પાણીને ચુસનારો, દેવતામાં ઓગળે નહિ તેવો અને નક્કર છે.

પ્ર૦ ચાકનો શો ઉપયોગ થાય છે ?

ઉ૦ નાનાં છોકરાં સ્લેટ ઉપર અક્ષર કાઢવા માટે તેને વાટી તેમાં પાણી રેડી જાડો બનાવી તેનાથી લખે છે; કોરા ચાકથી નિશાળમાં પાટીઆ ઉપર અક્ષર લખી છોકરાને શીખવવામાં આવે છે.

પ્ર૦ ચાકને ભઠ્ઠીમાં બાળવાથી શું થાય છે?

ઉ૦ ચુનો.

પ્ર૦ ચુનાનો ઉપયોગ શો?

ઉ૦ ચુનાને કચરી પલાળી તેમાં થોડી રેતી ભેળવી લોકો તેની ગારથી ઘર ચણે છે, અને ધોળાવે છે જેને લીધે ઘર મજબુત થાય છે.

તાંબુ અને તાંબાનાં વાસણો.

પ્ર૦ તાંબુ એ કેવો પદાર્થ છે અને ક્યાંથી નીકળે છે, અને તેને શું કહે છે?

ઉ૦ તાંબુ એ ખનિજ પદાર્થ છે, ને ખાણમાંથી નીકળે છે, અને તેને ધાતુ કહે છે.

પ્ર૦ તાંબાના ગુણ કહો.

ઉ૦ તે લાલ રંગનું છે, નરમ છે, અને ચળકતું છે.

પ્ર૦ તાંબાની ઉત્પત્તિ કહો.

ઉ૦ તાંબુ જમીનમાંથી શુદ્ધ રૂપે મળે છે. તે ઇશ્વરની બનાવેલી વસ્તુ છે: જમીનમાંથી ખોદી કાઢીને તેને દેવતા ઉપર તપાવીને મેલ કાઢી નાંખવા માટે ગાળી કાઢે છે. ગળ્યા પછી તેનાં પતરાં બનાવે છે અને તે પતરામાંથી કાપી કાપીને કંસારા તેનાં વાસણો બનાવે છે.

પ્ર૦ તાંબાનાં વાસણો ઉપર જે કાટ ચઢે છે તેને શું કહે છે અને તેના ગુણ કહો તથા તે કાટ બાઝે નહિ માટે શું કરવું?

ઉ૦ તાંબાના કાટને જંગાલ કહે છે, તે ઘણો ઝેરી હોય છે, તે જો ખાધામાં આવે તો મરી જવાય. તાંબાનાં વાસણો ઉપર કાટ ચઢે નહિ માટે ઉપરથી તેને વારંવાર ખાટી વસ્તુઓથી ઘસીને માંજી સાફ રાખવાં અને જે વાસણો ખાધાના ઉપયોગમાં લેવાતાં હોય તેના ઉપર કલાઇ દેવરાવવી કે જેથી કાટ ચઢે નહિ.

પ્ર૦ તાંબાની શી શી ચીજો બને છે?

ઉ૦ લોટા, લોટીઓ, દેગડાં, દેગડીઓ, ઘડા, કથરોટ, તાંબાકુંડીઓ, ચંબુ, કઢાયાં, લીબોળીઓ, પવાલાં, પૈસા, પાઇઓ વગેરે.

પ્ર૦ પૈસા અને પાઇઓ શું ઉપયોગમાં આવે છે, અને તેને કોણ કરાવે છે?

ઉ૦ વસ્તુઓ વેચાતી આપવા લેવામાં પૈસા અને પાઇઓ કામમાં લાગે છે. પૈસા અને પાઇઓ સરકાર કરાવે છે. તેમના વગર બીજાથી તે પડાવાતી નથી. બીજો કોઇ પૈસા પાઇઓ છાનોમાનો પડાવે તો સરકાર તેને શિક્ષા કરે છે.

પિત્તળ અને પિત્તળનાં વાસણો

પ્ર૦ પિત્તળ એ કેવો પદાર્થ છે અને કેવી રીતે તે થાય છે?

ઉ૦ પિત્તળ એ એક ધાતુ છે, અને તે મિશ્ર ધાતુ છે, તે ખાણમાંથી નીકળતું નથી પણ ખાણમાંથી નીકળેલી બીજી ધાતુઓને એકઠી કરીને માણસે બનાવેલું છે, એટલા માટે પિત્તળ જાતે ખનિજ પદાર્થ કહેવાય નહિ.

પ્ર૦ પિત્તળ કઇ ધાતુઓની મેળવણીથી થાય છે?

ઉ૦ તાંબુ અને જસત આ બે ધાતુઓને ખુબ તપાવવાથી બંનેનો રસ થઈ મળી જાય અને ટાઢું પડે એટલે તે પિત્તળ થાય.

પ્ર૦ પિત્તળના ગુણ કહો?

ઉ૦ કઠણ, પીળું, ચળકતું.

પ્ર૦ પિત્તળનાં કયાં કયાં વાસણો બને છે?

ઉ૦ લોટા, લોટીઓ, પ્યાલા. બેઢાં, તાંબાકુંડીઓ, પવાલીઓ, થાળી, વાડકા, તાસકો, તપેલીઓ, બરણીઓ, વગેરે.

પ્ર૦ પિત્તળનાં વાસણો ઉપર કાટ ચઢે નહિ માટે શું તજવીજ કરવી?

ઉ૦ વારંવાર વાસણોને માંહેથી તથા બહારથી માંજીને સાફ રાખવા અને વાસણો ખાવાના ઉપયોગમાં લેવાનાં હોય તેને કલાઇ કરાવી વાપરવાં.

જુદી જુદી જાતનાં ઘાસ વિષે.

પ્ર૦ ઘાસ કોને કહે છે?

ઉ૦ ઢોરને ચરવાનો લીલો અથવા સૂકો ચારો તે ઘાસ કહેવાય છે.

પ્ર૦ ઘાસ અને અનાજમાં શો ફેર છે?

ઉ૦ ઘાસ અને અનાજ એ એકજ જાત છે. સુધારેલું ઘાસ તે અનાજ કહેવાય છે. જે ઘાસનાં બી સ્વાદમાં બીજા કરતાં સારાં અને ગુણ-કારી અને પોષ્ટિક માલમ પડેલાં તેને શરૂઆતમાં માણસોએ સારી જમીનમાં ખાતર પુંજો નાંખી ખેડી વાવેતર કરેલું એટલે એક ખાતરને લીધે તે ઘાસની જાત મોટી થવા લાગી; એમ દિવસે દિવસે સારી જમીનમાં વાવી સારી રીતે ખાતર પુંજો કરેલો તેથી તેની જાત મોટી થતી ગઇ અને તેમાંથી હાલનાં આપણાં અનાજ થયાં છે. અનાજ એ ઘાસજ છે.

પ્ર૦ થોડાં ઘાસનાં નામ આપો.

ઉ૦ ઝીંઝવો, બાજરો, દાભ, કરેડી, ભાથડું, સામો, ધરો, ચીઢો, સરકટ, વગેરે.

પ્ર૦ અનાજનાં ઘાસ જે ઢોરના ખાધામાં આવે છે તે કયાં છે?

ઉ૦ બાજરી, જાર વગેરેના પૂળા, કોદરા, ડાંગર વગેરેનું પરાળ, ઘઉંનું કુંવળ, તુવેર, મગ, મઠ, અડદ, વગેરેનું ગોતર વગેરે.

પ્ર૦ કયાં ઘાસ ઢોરને વધારે ભાવે છે?

ઉ૦ ઝીંઝવો, બાજરો, અનાજનું ઘાસ તથા ગોતર.

પ્ર૦ દાભ એ કેવું ઘાસ છે?

ઉ૦ તે ધારવાળું હોય છે અને ઢોરને માટે તે બહુ પૌષ્ટિક ગણાતું નથી વળી તે જે ખેતરમાં થાય છે તે ખેતરને પણ નકામું કરી નાંખે છે કારણ કે દાભવાળા ખેતરમાં બીજું અનાજ ઘણું થોડું થાય છે.

પ્ર૦ સરકટના ઘાસનો બીજો શો ઉપયોગ થાય છે?

ઉ૦ તેની પીરાઇઓનાં સુપડાં, સાદડીઓ, ટોપલીઓ વગેરે થાય છે વળી તે છાપરાં છાવવાના કામમાં આવે છે. તેનાં પાંદડાંથી તમાકુના પડા બંધાય છે, અને પાંદડાંને પલાળી કુટીને દોરડાં વણે છે જેને મુજ કહે છે. એ મુંજનું વહાણ ખાટલા ભરવાના કામમાં આવે છે.

પ્ર૦ ચીડાની મોથ શા કામમાં આવે છે?

ઉ૦ તેની મોથને ઘસીને દાદર ઉપર ચોપડવાથી આરામ થાય છે. ધુપેલમાં નાંખવાથી ધુપેલ સુગંધીદાર થાય છે, વળી મોથમાંથી સુગંધીદાર અત્તર પણ નીકળે છે.

પ્ર૦ પેર કે પીરાઈ કોને કહે છે?

ઉ૦ સાંઠાની એક ગાંઠથી બીજી ગાંઠ સુધીનો વચ્ચેનો જે ભાગ તે પીરાઇ કહેવાય છે.

પ્ર૦ ઘાસમાંથી અનાજ થઇ શકે કે કેમ? અને કેવી રીતે?

ઉ૦ હાલ જેને આપણે અનાજ કહીએ છીએ તે પ્રથમ ઘાસનાંજ બીઆં હતાં તેના ઉપર ખેડ ખાતર અને પાણીના પ્રયોગો કરીને તેની જાતમાં ખેડુતોએ સુધારો કર્યો તેથી તે અનાજ થયાં. તેજ પ્રમાણે હાલનાં ઘાસોને પણ આપણે પ્રયત્ન કરીએ તો દાણા મોટા બનાવી શકીએ અને તેનું ઘાસ પણ મોટું કરી શકીએ તો તેથી અનાજની જાતમાં વધારો થાય. ગરીબ લોકોને અનાજ

મળતું નથી ત્યારે તેઓ સામો વગેરે ઘાસ ચોમાસામાં પડતરો-
માંથી લાવીને તેને દળી છડીને રોટલા કરીને કે બાફીને ખાય છે.

ખેડુત ને હળ.

પ્ર૦ ખેડુત કોને કહે છે ?

ઉ૦ જે ખેતી જાતે કરે છે, તેને ખેડુત કહે છે.

પ્ર૦ ખેડુતનો ધંધો કેવો છે ?

ઉ૦ ખેડુતના ધંધામાં મહેનત અતિશય છે. શરીરને તોડવા જેટલું
કામ કરવાનું છે, લોકોમાં કહેવત છે કે "બાર મહીનાનું વર્ષ
અને તેર મહીનાનું કામ." આ કહેવત ખેડુતના ધંધા માટેજ છે.

પ્ર૦ ખેડુતને કયા પ્રકારની મહેનત કરવી પડે છે ?

ઉ૦ ઢોરોની સંભાળ અને રક્ષણ, ખેતરમાં ખાતર પુરવું, ખેડવું, વાવવું,
નીંદવું, વાઢવું, ઢાળવું વગેરે.

પ્ર૦ ખેડુતનો ધંધો કેવો ગણાય છે ?

ઉ૦ વરસાદ જો અનુકુળ આવતો હોય અને પાક સારો થતો હોય
તો ઉત્તમ, કારણ કે ગમે તેવો હલકો ખોરાક ખાવાનો હોય
પણ ખેતીની મજુરીથી ખેડુતનું શરીર મજબુત રહે છે. વળી
તેના ધંધામાં શાંતિ વધારે છે.

પ્ર૦ હળ કોને કહે છે ?

ઉ૦ ખેડુતો જેનાથી ખેડે છે તેને. (ચાશ પડે છે.)

પ્ર૦ હળના ભાગ કહો ?

ઉ૦ મૂળ ભાગ હળનું તુંગુ અને છેક.

તુંગાના ભાગ—ઉપલો ઝાલવાનો ભાગ તે છડો, છડાના તુંગામાં
કોશ અને ચવડું જેનાથી જમીન ખેડાય છે તે. કેટલીક જગાએ
કોશ ચવડાને જડેલી હોય છે, અને કેટલીક જગાએ કોશ ચવડું
જુદુ હોય છે.

પ્ર૦ હળનો ઉપયોગ શો ?

ઉ૦ હળથી ખેડીને જમીન પોચી કરી શકાય છે. જેથી તે વધારે પાણી પી શકે છે. પોચી થવાથી બી વહેલાં ઉગી ઝપાટાબંધ વધે છે. નકામું ખરસલું સાફ કરી શકાય છે, ખેડવાથી, તપવાથી, જમીન છિદ્રાળુ થઇ છે, વગેરે લાભ હળથી ખેડીને મેળવી શકાય છે.

પ્ર૦ હળ અને કોશ કોણ બનાવે છે ?

ઉ૦ હળ સુતાર બનાવે છે, અને કોશ લુહાર બનાવે છે.

ડાંગર.

પ્ર૦ ડાંગર એ શી વસ્તુ છે ?

ઉ૦ તે સુધારેલું ઘાસનું બી છે.

પ્ર૦ ડાંગરની ઉત્પત્તિ કહો ?

ઉ૦ પ્રથમ ડાંગરને થોડી જગામાં સારૂં ખાતર પુરી છુટી છુટી વરસાદ આવે ત્યારે પોંકે છે, અને તેના ઉપર થોડી થોડી માટી પડવા દે છે જેથી તે ઉગી નીકળેછે, તેને ધરૂ, દરૂ કે તરૂ કહેછે. એ ધરૂને ડાંગર રોપવા માટેના ક્યારડામાં ઉપાડી લઇ જઇને વેંત વેંતને છેટે રોપે છે. વખત પુરો થતાં તે પાકી તૈયાર થાય છે એટલે તેને ઝુડી અથવા મસળી લઇ છુટી કરી લે છે.

પ્ર૦ ડાંગરને માટે ક્યારડા કેવી જમીનમાં અને કેવા જોઇએ અને શાથી ?

ઉ૦ ડાંગરને માટે કાળી જમીન જોઇએ કારણ કે તેને કાળી જમીન માફક આવે છે.

તેને પાણી બીજા અનાજ કરતાં વધારે જોઇએ છે માટે તેના ક્યારડા વધારે પાણી ભરાઇ રહે તેવા ઉંડા રાખવા જોઇએ એટલા માટે ક્યારડાની આસપાસ પાળીઓ બાંધી પાણી ભરાઇ રહે તેવા ઉંડા કરવામાં આવે છે.

પ્ર૦ ડાંગરનો શો ઉપયોગ થાય છે ?

ઉ૦ તેને ખાંડીને અથવા ભરડીને ચોખા કાઢે છે, જે ચોખાની ખીચડી અથવા ભાત બનાવી આપણે ખાઇ આપણા શરીરનું પોષણ કરીએ છીએ.

શેરડી.

પ્ર૦ શેરડીના રાડાને શું કહે છે ?

ઉ૦ સાંઠા.

પ્ર૦ શેરડી કેટલી જાતની અને કઈ કઇ ?

ઉ૦ બે જાતની. ૧ ધોળી ૨ લાલ.

પ્ર૦ ધોળી શેરડીમાંથી શું બને છે ? અને લાલ શેરડીમાંથી શું બને છે ?

ઉ૦ ખાંડ સાકર અને ગોળ.

પ્ર૦ શેરડીમાંથી ગોળ શી રીતે બનાવે છે ?

ઉ૦ શેરડીને કોલુમાં પીલીને રસ કાઢે છે, તેને તાવડામાં નાંખી ઉકાળે છે, ઉકાળતાં મેલની છારી તરી આવે તે કાઢી નાંખતાં જાય છે એમ ઘણી વાર ઉકાળતાં રસ જાડો થાય છે એટલે ઉતારી ટાઢો પાડે છે, તે ઠરી જઇને ગોળ થાય છે.

પ્ર૦ શેરડીની રોપણી શી રીતે થાય છે ?

ઉ૦ શેરડીનાં બી રોપાતાં નથી પણ તેની ટુંકી ગાંઠો [પીરાઇઓ] વાળી પીરાઇઓને સારી પેઠે ખેડી પોચી કરેલી, પાણી પાયેલી જમીનમાં ચાસ પાડી તેમાં પીરાઇઓની આંખો ઉપર દેખાય તેમ રોપે છે. પછી વારંવાર પાણી પાતા જાયછે એ પ્રમાણે દશબાર માસે શેરડીનો પાક તૈયાર થાય છે.

પ્ર૦ શેરડી પીલવાનો કોલ શેનો થાય છે ?

ઉ૦ લાકડાનો કે લોઢાનો.

ભાત અને રોટલી.

પ્ર૦ ભાત કેવી રીતે બનાવે છે?

ઉ૦ ચોખાને બે ત્રણ વખત ઘસી ઘસીને ધોઇ નાંખી પલાળી મુકે છે, પછી ભાત કરવા માટેના વાસણમાં ચોખાના પ્રમાણમાં જોઇએ તેટલું પાણી લઇ ચુલે મુકે છે. થોડોવારમાં ચોખા ચઢી જાય છે તેને તપાસી જોઇ વધારાનું પાણી હોય તો કાઢી નાંખી ઢાંકી દઇ તેના ઉપર થોડા દેવતા નાંખી ચૂલા ઉપરથી ઉતારી લે છે. એટલે થોડાવારમા ભાત થાય છે.

પ્ર૦ રોટલી કેવી રીતે કરે છે?

ઉ૦ ઘઉંના લોટમાં થોડું તેલ નાંખી લોટને મોઇ નાંખી પાણીથી પલાળી કેળવી કેળવીને વણવા જેવો કઠણ લોચો તૈયાર કરેછે. તેમાંથી થોડા થોડા લોચો લઇ થાળી ઉપર અથવા આડણી ઉપર બાજરીનો આટો નાંખી વેલણથી વણી પાતળી ગોળ બનાવે છે તેને લોઢી ઉપર શેકી નાંખે છે. એટલે રોટલી થાય છે. કેટલાક રોટલીની વચ્ચે કોરો આટો નાંખી બેવડ બનાવે છે, તે શેકાયા પછી જુદાં કરે છે.

પ્ર૦ ભાતના ગુણ કહો.

ઉ૦ પોચો છે. પોચો હોવાથી દાંત વગરનાં બાળકો અને ઘરડાં થોડું ચાવીને ખાઇ શકે છે; મોટાં માણસોને તે પચવામાં હલકા હોવાથી વધારે માફક આવે છે.

પ્ર૦ રોટલીના ગુણ કહો.

ઉ૦ ભાતના કરતાં વધારે કઠણ હોવાથી બાળક અને ઘરડાં સહેલાઇથી ખાઇ શકતાં નથી. વળી તે પચવામાં ભારે છે. તેથી જેની જઠરા મંદ હોય તેને રોટલી સહેલાઇથી પચી શકતી નથી. મોટાં માણસને રોટલીનો ખોરાક ભારે હોવાથી માફક આવતો નથી.

પ્ર૦ ભાત અને રોટલી બેમાં સારો ખોરાક કયો ? અને શા માટે ?

ઉ૦ ભાત પચવામાં હલકો છે તેથી સહેલાઇથી પચી શકે છે. સાજા શરીરવાળા માણસને ભાત ખાધા પછી ભુખ વહેલી લાગે છે, અને માંદાંને પણ ધીમે ધીમે પચી જાય છે.

રોટલી એ ભારે ખોરાક છે. તેથી પચવામાં વાર લાગે છે, માટે રોટલી ખાધા પછી ભૂખ વહેલી લાગતી નથી. માંદા માણસને રોટલીનો ખોરાક પચવામાં કઠણ પડે છે, માટે તે આપવી નહિ.

મધમાખ.

પ્ર૦ મધમાખો કેટલી જાતની છે અને કઈ કઇ ?

ઉ૦ ત્રણ જાતની. ૧ રાણી જે ઈંડાં મુકવાનું કામ કરે છે. ૨. કામ કરનારી માંખીઓ, જે મધ એકઠું કરે છે, બચ્ચાંને ખવરાવે છે, અને મધપુડાનું રક્ષણ કરે છે. ૩ નર જે કાંઇ કામ ન કરતાં આળસુ થઇ પડી રહે છે.

પ્ર૦ મધ શેનું બને છે ?

ઉ૦ કામ કરનારી માખીઓ ફુલોમાંથી રસ ચૂસી લાવે છે ને તે રસનું મધ બનાવે છે.

પ્ર૦ મધપુડો કોને કહે છે, અને તેની રચના કેવી હોય છે ?

ઉ૦ મધમાખીઓ રહેવા માટે જે ઘર (પુડો) બનાવે છે તેને મધપુડો કહે છે, મધમાખો છ ખુણીઆં મધપુડાનાં ખાનાં બનાવે છે તેમાં કેટલાક મોટા ખાનાં હોય છે, અને કેટલાંક નાનાં હોય છે. નાનાં ખાનાંમાં ઇંડાં મુકે છે, રાણી થવા લાયક જે ઇંડાં હોય તેને મોટાં ખાનામાં મુકે છે.

પ્ર૦ મીણ શેનું બને છે ?

ઉ૦ ખાધેલા મધનું.

પ્ર૦ રાણીનું કામ શું ?

ઉ૦ ઈંડાં મુકવાં, ઉછેરવાં, બીજી માખોઓને તાબામાં રાખવી વગેરે.

બતક ને મરઘાં.

પ્ર૦ બતક એ કેવું પ્રાણી છે અને શું કરે છે?

ઉ૦ બતક જળચર પ્રાણી છે અને તે પાણી ઉપર તરે છે. વારંવાર ડુબકી મારી, પાણીમાંથી પોતાના ખોરાક માટે જીવડાં વીણી લે છે.

પ્ર૦ બતકના શરીરનાં અંગ કેવાં છે?

ઉ૦ બતકના શરીર ઉપર ચીકાશવાળાં પીછાં હોવાથી તે પાણીમાં ફરતાં છતાં પીછાં ભીનાં થતાં નથી, તેની ચાંચ લાંબી હોવાથી તે ઊંડા પાણીમાંથી અને કાદવમાંથી પણ જીવડાં વીણી લે છે. બતકનું શરીર ભારે છે પણ પાંખો સારી નહિ હોવાથી તે વધારે ઉડી શકતી નથી. તેને બે પગ હોય છે, એકેક પગે ચાર ચાર આંગળાં હોય છે. બતકને દાંત કે દાઢ નથી તેથી ખોરાક મોટા મોટા ચાવી ગળી જાય છે.

પ્ર૦ બતક પાણી ઉપર શાથી તરી શકે છે?

ઉ૦ ચામડી પાતળી હોય છે તેની સાથે પગનાં આંગળાં જોડાયેલાં રહે છે તેથી.

પ્ર૦ મરઘાં એ કેવાં પ્રાણી છે?

ઉ૦ તે ભૂચર એટલે પૃથ્વી ઉપર ચરનારાં પ્રાણી છે.

પ્ર૦ મરઘડાંના શરીરનાં અંગો કેવાં છે?

ઉ૦ તેની ચાંચ ટુંકી છે, કારણ કે તેને ઊંડેથી ખોરાક લેવાનો નથી, પણ અણીદાર હોવાથી ઝડપથી દાણા વીણી લે છે. તેને પાણીમાં ફરવાનું નહિ હોવાથી આંખો ઉપર ચીકાશ નથી. પગનાં આંગળાં ચામડી સાથે જોડાયલાં નથી. મરઘડાંને પણ દાંત અને દાઢ નથી માટે તે પણ ખોરાક આખો ને આખો ગળી જાય છે. કૂકડાને પણ બે પગ હોય છે.

પ્ર૦ મરઘડાંનું બીજું નામ શું?

ઉ૦ કૂકડાં.

પ્ર૦ કૂકડો અને કુકડી શાથી ઓળખાય ?

ઉ૦ કૂકડાને માથે લાલ માંજર હોય છે. કૂકડીને માથે માંજર હોતી નથી.

પ્ર૦ કૂકડાં શું કામ કરે છે ?

ઉ૦ કૂકડાં વ્હાણું વાતાં બોલે છે તેથી લોકો સવાર થઇ એમ જાણે છે, એટલે ઉઠીને સૌ સૌને ધંધે વળગે છે.

ચકલી.

પ્ર૦ ચકલીના શરીરનાં અંગ કહો ?

ઉ૦ તેને બે પગ છે. દરેક પગે ત્રણ ત્રણ આંગળાં હોય છે. બે પાંખો હોય છે. પાંખોથી તે ઉડી શકે છે. તેની ચાંચ નાની ને અણીદાર હોય છે, તેથી દાણા ઝટ ઝટ વીણી ખાય છે.

પ્ર૦ ચકલીઓ કેટલી જાતની છે અને કઇ કઇ ?

ઉ૦ બે જાતની (૧ ધોળી. ૨ કાળી કે કાબરી)

પ્ર૦ ચકલી ક્યારે ક્યારે ઇંડાં મુકે છે અને કેટલાં ?

ઉ૦ વર્ષમાં ત્રણ વખત. દરેક ફેરે પાંચ કે છ ઇંડાં મુકે છે.

પ્ર૦ ઇંડાંમાંથી બચ્ચાં શી રીતે બને છે અને તેમનું પોષણ શારીતે થાય છે ?

ઉ૦ ઇંડાંને ચકલી રોજ રોજ સેવે છે. એ ઇંડાં કાર્મિક ભુરા રંગના હોય છે. ઇંડાં સેવાઇ બરાબર પાકે એટલે તેમાંથી બચ્ચાં નીકળે છે, તે બચ્ચાંને પાંખો આવતા સુધી ચકલી ચારો લાવીને ખવરાવે છે. ચકલી તેને ઉડતાં શીખવે છે.

પ્ર૦ ચકલી શું કામની છે ?

ઉ૦ ખેતરોમાં જીણાં જીવડાં હોય છે જે પાકને નુકશાન કરતાં હોય તેમને વીણી ખાય છે તેથી ખેતીના પાક જીવડાંના ભોગ થતા બચેછે.

ઘોડો.

પ્ર૦ ઘોડાના શરીરનાં અંગ કહો ?

ઉ૦ ઘોડાને ચાર પગ, એક પૂછડું, બે અણીદાર કાન, પગે આંગળાં નથી પણ દાબલા છે. જેનાથી તે કઠણ જમીન ઉપર ઝડપથી ચાલી શકે છે. એની ગરદન ઉપર કેશવાળી હોય છે, જે તેની શોભામાં વધારો કરે છે.

પ્ર૦ ઘોડા શા કામમાં લાગે છે ?

ઉ૦ તેના ઉપર જીન કે સાજ નાખી બેસાય છે. સવારી કરવામાં તે ઘણું ઉત્તમ પ્રાણી છે. અથવા કેટલાક તેને ગાડીઓમાં પણ જોડે છે. વિલાયતમાં બળદોને ઠેકાણે ઘોડા જોડી ખેતી કરે છે.

પ્ર૦ ઘોડાનો ખોરાક કયો કયો છે ?

ઉ૦ ઘાસ, ચણા, મઠ, બાજરી, ભુસું વગેરે.

પ્ર૦ ઘોડાની ઉંમર સરેરાશ કેટલી ગણાય છે ?

ઉ૦ ૨૦ થી ૩૦ વર્ષ.

પ્ર૦ સવારીમાં ઘોડા શી રીતે કબજે રખાય છે ?

ઉ૦ લગામથી.

પ્ર૦ ઘોડામાં કયા ગુણ છે ?

ઉ૦ તે નિમકહલાલ, ગરીબ, સુંદર, પ્રીતિવાળું, ધણીનું કહ્યાગર અને બીકણ પ્રાણી છે.

ઘોડા ને તેનાં સગાં વહાલાં.

પ્ર૦ ઘોડાની જાતનાં બીજાં કયા પ્રાણી છે ?

ઉ૦ ગધેડા, ખચ્ચર, ટટ્ટુ, વગેરે.

પ્ર૦ ઘોડા અને ગધેડાંમાં ફેર શો ?

ઉ૦ ૧ ઘોડાના કાન ટુંકા અને ગધેડાના લાંબા.
૨ ઘોડો મોટો અને ગધેડું નાનું.
૩ ઘોડો ખોંખારે છે, અને ગધેડું ભૂંકે છે.
૪ ઘોડો ચાલાક છે, ગધેડું અડીઅલ અને ઠોઠ છે; પણ તે મહેનતુ, અને ધીરજવાળું છે.

પ્ર૦ ટટ્ટુ અને ઘોડામાં ફેર શો ?

ઉ૦ ટટ્ટુ નાનું હોય છે અને ઘોડો મોટો હોય છે, બીજા ગુણ સરખા હોય છે.

પ્ર૦ ઘોડો અને ટટ્ટુમા ફેર શો ?

ઉ૦ ૧ ઘોડાના કાન ટુંકા, અને ટટ્ટુના લાંબા.
૨ ઘોડો ઉંચો, ખચ્ચર નીચું અને ટુંકું.
૩ ઘોડો પર્વત ઉપર ચઢી શકતો નથી, ખચ્ચર ઘણો ભાર લઈ પર્વત ઉપર ચઢી શકે છે.

એ સિવાય ઘોડો અને ખચ્ચર મળતાં આવે છે. તેની ગરદન ઉપર પણ કેશવાળી હોય છે. પૂંછડી ઉપર લાંબા વાળ હોય છે.

શરીરના ભાગ.

પ્ર૦ શરીરના મુખ્ય ભાગ કેટલા છે અને કયા કયા ?

ઉ૦ બે છે. ૧ ડોક. ૨ ધડ.

પ્ર૦ ડોકામાં કયા કયા અવયવો છે ?

ઉ૦ ઉપર વાળ, આગલી બાજુએ બે આંખો, બે કાન, એક નાક, એક મોઢું, મોઢામાં એક જીભ, અને બત્રીસ દાંત, તથા, તાળવું છે, મોઢાની આગળ બે હોઠ, હોઠ નીચે હડપચી, આંખો ઉપર ભમર અને તેના ઉપર કપાળ, આંખ ઉપર પોપચાં, પોપચામાં વાળ હોય છે તેને પાંપણ કહે છે. પાંપણ આંખનું રક્ષણ કરે છે, આંખો અને કાન વચ્ચે લમણા અને મોં અને કાન વચ્ચે ગાલ હોય છે.

પ્ર૦ ધડના અવયવો ક્યા છે ?

ઉ૦ ધડ અને ડોકા વચ્ચે ગળું, પાછળ બોચી, ધડની ઉપલી તરફ જમણા ડાબા બે ખભા, બે હાથ, હાથની વચે કોણી, કોણીથી આગળ કાંડું, હથેલી, આંગળાં, બે હાથની વચે છાતી, નીચે પેટ, પેડું, પેઢાની બે બાજુએ બે કેડો, અને બોચીથી કેડ સુધી બરડો કે કરોડ કહેવાય છે. તેથી નીચે બે પગ, દરેક પગનાં વચલા ભાગને ઢીંચણ, ઢીંચણથી ઉપરનાને થાપો કે જાંઘ કે સાથળ કહે છે. ઢીચણની નીચે નળો, નળાની નીચે પગનું ચાપું તેમાં પાંચ પાંચ આંગળાં અને નીચે પગનું તળીઉં, પગના પાછલા ભાગને પાની—એડી કહે છે વગેરે.

ઇંદ્રિયો.

પ્ર૦ ઇંદ્રિયો કોને કહે છે ?

ઉ૦ જેથી વસ્તુનું હરકોઇ પ્રકારનું માન થાય તેને ઇંદ્રિયો કહે છે.

પ્ર૦ ઇંદ્રિયો કેટલી છે અને કઇ કઇ ?

ઉ૦ પાંચ ૧ આંખ, નાક, કાન, જીભ અને ચામડી.

પ્ર૦ આંખનો ઉપયોગ શો ?

ઉ૦ તેનાથી હરકોઇ વસ્તુ જોઇ શકાય છે.

પ્ર૦ નાકનો ઉપયોગ શો ?

ઉ૦ નાકથી સારી અથવા નઠારી વાસ સુંઘીને પારખી શકાય.

પ્ર૦ કાનનો ઉપયોગ શો ?

ઉ૦ કાને સાંભળી શકાય છે.

પ્ર૦ જીભનો ઉપયોગ શો ?

ઉ૦ જીભથી હરકોઇ પ્રકારનો સ્વાદ લઇ પારખી છે.

૦ ચામડીનો ઉપયોગ શો ?

ઉ૦ ચામડીથી સુંવાળું, ખરબચડું, ટાઢું, ઊનું, પોચું કઠણ વગેરે પારખી શકાય છે.

રંગ

પ્ર૦ મુખ્ય રંગ કેટલા છે અને કયા કયા ?

ઉ૦ ત્રણ. ૧. લાલ, ૨. પીળો, ૩. વાદળી, એમને મૂળ રંગ કહે છે; અને એ સિવાય બાકીના રંગો મિશ્ર રંગ કહેવાય છે. કારણ કે તેઓ જુદા જુદા રંગોની મેળવણીથી બનાવાય છે.

પ્ર૦ કીરમજી રંગ શી રીતે બનાવાય ?

ઉ૦ લાલ અને ઘેરો, વાદળી ભેગો કરવાથી.

પ્ર૦ કેસરી રંગ શી રીતે બનાવાય ?

ઉ૦ લાલ અને પીળો રંગ ભેગો કરવાથી.

પ્ર૦ લીલો રંગ શી રીતે બને છે ?

ઉ૦ વાદળી અને પીળો રંગ ભેગો કરવાથી.

પ્ર૦ તપખીરીઓ રંગ શી રીતે થાય ?

ઉ૦ કેશરી અથવા નારંગી રંગમાં લીલો મેળવવાથી.

પ્ર૦ કત્થાઇ રંગ શી રીતે બને ?

ઉ૦ કેશરીમાં જાંબુડો રંગ મેળવવાથી.

પ્ર૦ રાખોડીઓ રંગ શી રીતે બને ?

ઉ૦ ધોળામાં થોડો કાળો રંગ નાંખવાથી.

પ્ર૦ જાંખો ભુરો રંગ શી રીતે બને ?

ઉ૦ ધોળા રંગમાં કાળો રંગ વધારે નાંખવાથી.

પ્ર૦ વાદળી રંગ શી રીતે બને ?

ઉ૦ ઘેરો વાદળી રંગ લઇ તેમાં ધોળો રંગ થોડો નાંખવાથી.

પ્ર૦ ગુલાબી રંગ શી રીતે થાય ?

ઉ૦ ધોળો રંગ લઇ તેમાં લાલ રંગ થોડો નાંખવાથી.

લુગડાં.

પ્ર૦ લુગડાં કેટલી જાતનાં છે અને કયાં કયાં ?

ઉ૦ પાંચ જાતનાં. ૧ રૂનાં, ૨ ઉનનાં, ૩ રેશમનાં, ૪ ઝાડની છાલનાં અને ૫ ચામડાનાં.

પ્ર૦ હાલ આપણે કઇ કઇ જાતનાં લુગડાં વાપરીએ છીએ ?

ઉ૦ સુતરનાં, ઉનનાં, અને રેશમનાં.

પ્ર૦ બાકી છાલનાં અને ચામડાનાં લુગડાં કેમ વાપરતા નથી ?

ઉ૦ તે સારાં લાગતાં નથી વળી તે ભારે, ઘણી કીંમત અને મહેનતથી બને છે. અને છાલનાં ટકવામાં ઓછાં છે વગેરે કારણે.

પ્ર૦ રૂનાં લુગડાં કઇ ઋતુમાં પહેરીએ છીએ ?

ઉ૦ ગરીબ લોકો તો ઉનાળો, શિયાળો અને ચોમાસામાં પહેરે છે. પણ ગૃહસ્થ લોકો ઉનાળામાંજ પહેરે છે.

પ્ર૦ ઉનનાં લુગડાં કઇ ઋતુમાં પહેરીએ છીએ.

ઉ૦ ગૃહસ્થો શિયાળામાં અને ચોમાસામાંજ પહેરે છે, અને સાધારણ લોકો બહુ ટાઢમાં પહેરે છે. કારણ કે ઉન જાતે ગરમ છે.

પ્ર૦ રેશમનાં લુગડાં કોણ પહેરે છે ? અને શાથી ?

ઉ૦ તે ઘણાં મોંઘાં મળે છે માટે શ્રીમંત લોકોજ પહેરી શકે છે.

પ્ર૦ સુતર, ઉન અને રેશમ શેનું બને છે ?

ઉ૦ સુતર કપાસમાંથી નીકળેલા રૂનું બને છે.
ઉન ઘેટાંના વાળનું થાય છે.
રેશમ શેતુરનાં પાંદડાં ખાઇ એક જાતના કીડા લાળ કાઢી કોશેટા બનાવે છે તેનું થાય છે.

પ્ર૦ કપડાથી શો ફાયદો ?

ઉ૦ તાપ, ટાઢ, અને શરદીથી શરીરનું રક્ષણ થાય છે.

પ્ર૦ જાનવરોને કપડાં વગર કેમ રક્ષણ થતું હશે ?

ઉ૦ ઇશ્વરે તેમની ચામડીજ એવા પ્રકારની બનાવી છે કે જેથી તેમને કપડાંની જરૂર પડતી નથી.

ગણિત.

સંખ્યા લેખન અને વાંચન.

૧. દશથી ઓછા હોય તેને એકમ કહે છે.

૨. એકમને દશ ગણા કરીએ તો દશક થાય.

૩. દશકને દશ ગણા કરીએ તો શતક થાય.

૪. શતકને દશ ગણા કરીએ તો હજાર થાય.

૫. હજારને દશ ગણા કરીએ તો દશ હજાર થાય.

એ પ્રમાણે દશ દશ ગણા કરવાથી લાખ, દશલાખ, કરોડ અને દશકરોડ થાય છે. એક હજારમાં દશ શતક છે. એક શતકમાં દશ દશક છે. એક દશકમાં દશ એકમ છે. માટે એક હજાર એટલે દશ સો, સો દશક અથવા હજાર એકમ થાય છે.

૧૦ કરોડ	કરોડ	૧૦ લાખ	લાખ	૧૦ હજાર	હજાર	સો	દશક	એકમ
								૯
							૬	૮
						૧	૩	૩
						૯	૨	૫
					૩	૬	૨	૫
				૫	૪	૪	૦	૮
				૯	૫	૬	૯	૬
					૫	૪	૦	૭
			૧	૨	૭	૪	૫	૩
			૯	૧	૯	૬	૪	૩
		૨	૮	૦	૦	૮	૭	૫
		૭	૨	૦	૩	૦	૦	૯
	૯	૪	૫	૯	૭	૪	૩	૫
૧	૨	૨	૩	૨	૪	૫	૬	૭

(૧) ૯ નવ, ૬૮ અડસઠ (૨) ૧૩૩ એકસો તેત્રીસ. (૩) ૯૨૫ નવસેં પચીસ, (૪) ૩૬૨૫ ત્રણ હજાર છસો પચીસ. (૫) ૫૪૪૦૮ ચોપન હજાર ચારસેં આઠ. (૬) ૯૫૬૯૬ પંચાણું હજાર છસેં છન્નું. (૭) ૫૪૦૭ પાંચ હજાર ચારસેં સાત. (૮) ૧૨૭૪૫૩ એક લાખ સત્તાવીશ હજાર ચારસેં ત્રેપન. (૯) ૯૧૯૬૪૩ નવ્વું

લાખ ઓગણીસ હજાર છસેં તેંતાળીસ, (૧૦) ૨૮૦૦૮૭૫ અઠાવીસ લાખ આઠસેં પંચોતેર. (૧૧) ૭૨૦૩૦૦૯ બોતેર લાખ ત્રણ હજાર નવ, (૧૨) ૯૪૫૯૭૪૩૫ નવ કરોડ પીસ્તાળીસ લાખ સતાણું હજાર ચારસેં પાંત્રીસ. (૧૩) ૧૨૨૩૨૪૫૬૭ બાર કરોડ તેવીસ લાખ ચોવીસ હજાર પાંચસેં સડસઠ.

સંખ્યાનું સંયોગીકરણ પ્રથકકરણ અને મોઢાના સરવાળા તથા બાદબાકી.

(૧) ૩૫ પાંત્રીસ એમાં ત્રણ દશક અને પાંચ એકમ ત્રણ દશકની કીંમત ૩૦ માં ૫ ઉમેરીએ તો ૩૫ થાય, એમાં ૫ નાખીએ તો ૪૦ થાય અને ૪૦ ના ૪ દશક થાય.

(૨) ૧૯ એમાં ૧ દશક અને ૯ એકમ રહેલા છે, ૧ દશકની કીંમત ૧૦ માં ૯ ઉમેરીએ તો ૧૯ થાય તેમાંથી ૫ એકમ બાદ લઇએ તો ૧ દશક + ૪ એકમ મળી=૧૪ થાય

(૩) ૧૩૬ આમાં ૧ શતક + ૩ દશક + ૬ એકમ છે. ૧ શતકની કીંમત ૧૦૦ થાય છે, ૩ દશકની કીંમત ૩૦ થાય છે અને ૬ એકમની કીંમત ૬ જ રહે છે.

હવે ૧ શતકના ૧૦૦ માં ૩ દશકના + ૩૦ ઉમેરીએ તો = ૧૩૦ થાય તેમાં + ૬ એકમ નાખીએ તો=૧૩૬ થાય.

બીજી રીતે કહીએ તો ૧ શતક + ૩ દશક + ૬ એકમ = ૧૩૬ થાય તેમાંથી ૨ દશક અને ૪ એકમ લઇ લઇએ તો ૩ દશકમાંથી ૨ દશક જાય તો ૧ દશક રહે અને ૬ એકમમાંથી ૪ એકમ જાય તો ૨ એકમ રહે. એટલે ૧ શ૦ + ૧ દ૦ + ૨ એ૦ = ૧૧૨

રહે, બીજી રીતે કહીએ તો ૨ દશકની કીંમત ૨૦ + ૪ એકમ મળી = ૨૪ બાદ જાય તો પણ ૧૧૨ બાકી રહે.

(૪) ૬૦૫ આમાં ૬ શતક + ૦ દશક એટલે દશક નથી, + ૫ એકમ મળી = ૬૦૫ થાય છે.

૬ શતક = ૬૦૦ થાય + ૦ દશક (શુનની કીંમત ગણાતી નથી.) + ૫ એકમ = ૬૦૫ થાય, હવે ૬ શતકમાં ૫ એકમ ઉમેરીએ તો પણ ૬૦૫ થાય.

તેમાંથી ૯ દશક અને પાચ એકમ કાઢી લઇએ તો ૫ એકમમાંથી ૫ જતા રહે તો ૦ [રહે] કંઈ ન રહે. દશક નથી માટે ૬ શતકમાંથી ૧ શતક લઇએ તો તેના ૧૦ દશક થાય અને ૫ શતક રહે, હવે ૧૦ દશકમાથી ૯ દશક કાઢી લઇએ તો ૧ દશક રહે અને ૫ શતકમાંથી કાંઈ જવાનું નથી માટે ૫ શતક રહે હવે ૫ શતકમાં ૧ દશક ઉમેરીએ તો પાંચસો દસ થાય.

(૫) ૯૯૭૯ આમાં નવ હજાર છે, નવ હજાર = ૯૦૦૦

અને નવ શતક છે, નવ શતક = ૯૦૦

અને સાત દશક છે, સાત દશક = ૭૦

અને નવ એકમ છે, નવ એકમ = ૯

આ પ્રમાણે મળીને આખી સંખ્યા નવ હજાર નવસેં અગન્યાશી થઈ છે.

(ઉપર પ્રમાણે નવીન દાખલા બનાવી શિક્ષકે સંખ્યાનુ પ્રથક્કરણ, સંયોગીકરણ અને મોઢાના સરવાળા તથા બાદબાકી શીખવવાં.)

ધાતો

શેરની ધાત.

શેરના અચ્છેરા ૨
શેરના પાશેરા ૪
શેરનાં નવટાંકાં ૮
શેરનાં અધોળાં ૧૬
શેરના રૂપીયાભાર ૪૦
પોણોશેરના ૩૦ રૂપિયાભાર
અચ્છેરના ૨૦ રૂપિયાભાર
પાશેરના ૧૦ રૂપિયાભાર
નવટાંકના ૫ રૂપિયાભાર
અધોળના ૨ાા રૂપિયાભાર
૨ાા રૂપિયાભાર ૧ અધોળ
૫ રૂપિયાભાર ૧ નવટાંક
૧૦ રૂપિયાભાર ०। શેર
૨૦ રૂપિયાભાર ०ाા શેર
૩૦ રૂપિયાભાર ०ાાા શેર
૪૦ રૂપિયાભાર ૧ શેર
૨ અચ્છેરે ૧ શેર
૪ પાશેરે ૧ શેર
૮ નવટાંકે ૧ શેર
૧૬ અધોળે ૧ શેર
૪૦ રૂપિયાભારે ૧ શેર

શેરના પૈસાભાર.

શેરના પૈસાભાર ૭૨
०ાાા શેરના પૈસાભાર ૫૪
०ાા શેરના પૈસાભાર ૩૬
०। શેરના પૈસાભાર ૧૮
નવટાંકના પૈસાભાર ૯
અધોળના પૈસાભાર ૪ાા
૪ાા પૈસાભારે ૧ અધોળ
૯ પૈસાભારે ૧ નવટાંક
૧૮ પૈસાભારે ૧ પાશેર
૩૬ પૈસાભારે ૧ અચ્છેર
૫૪ પૈસાભારે ०ાાા શેર
૭૨ પૈસાભારે ૧ શેર

શેરનાં નવટાંકાં

૧ શેરનાં ૮ નવટાંકાં
०ાાા શેરનાં ૬ નવટાંકાં
०ાા શેરનાં ૪ નવટાંકાં
०। શેરનાં ૨ નવટાંકાં

શેરના પાશેરા.

૧ શેરના ૪ પાશેરા
०ાાા શેરના ૩ પાશેરા
०ાા શેરના ૨ પાશેરા
०। શેરનો ૧ પાશેરો

શેરનાં અધોળાં.

૧ શેરનાં ૧૬ અધોળાં
०ાાા શેરનાં ૧૨ અધોળાં
०ાા શેરના ૮ અધોળાં
०। શેરના ૪ અધોળાં
૧ નવટાંકના ૨ અધોળાં
૨ અધોળે ૧ નવટાંક
૪ અધોળે ૧ પાશેર
૮ અધોળે ०ાા અચ્છેર
૧૨ અધોળે ०ાાા શેર
૧૬ અધોળે ૧ શેર

૪ પાશેરે ૧ શેર	૧૦ શેરે ૦। મણ
૩ પાશેરે ૦।।। શેર	૨૦ શેરે ૦।। મણ
૨ પાશેરે ૦।। અચ્છેર	૩૦ શેરે ૦।।। મણ
૧ પાશેરે ૦। શેર	૪૦ શેરે ૧ મણ
૨ નવટાંકે ૧ પાશેર	૫૦ શેરે ૧। મણ
૪ નવટાંકે ૦।। શેર	૬૦ શેરે ૧।। મણ
૮ નવટાંકે ૧ શેર	૭૦ શેરે ૧।।। મણ
	૮૦ શેરે ૨ મણ
	૯૦ શેરે ૨। મણ

મણુની ધાત.

મણુના અધમણીઆ ૨	૧૦૦ શેરે ૨।। મણ
મણુના દશશેરા ૪	૨૦૦ શેરે ૫ મણ
મણુની પાંચશેરી ૮	૩૦૦ શેરે ૭।। મણ
મણુની અઢીશેરી ૧૬	૪૦૦ શેરે ૧૦ મણ
મણુની સવાશેરી ૩૨	૫૦૦ શેરે ૧૨।। મણ
મણુના શેર ૪૦	૬૦૦ શેરે ૧૫ મણ
૦।।। મણુના ૩૦ શેર	૭૦૦ શેરે ૧૭।। મણ
૦।। મણુના ૨૦ શેર	૮૦૦ શેરે ૨૦ મણ
૦। મણુના ૧૦ શેર	૯૦૦ શેરે ૨૨।। મણ
	૧૦૦૦ શેરે ૨૫ મણ.

દેશી હિસાબ. મોઢનાં લેખાં.

[આંકનો ઉપયોગ.]

(૧) ૨ પૈસાની ૧ શેર કેરી મળે તો ૪ પૈસાની કેટલી ?

(૨) ૪ પૈસાનાં ૧૦ શેર ચીભડાં મળે તો ૩ મણનું શું ?

(૩) ૭ પૈસાની ૩૫ શેર ભાજી મળે તો ૩૬ પૈસાની કેટલી ?

(૪) ૧૭ પૈસાની ૪। શેર સાકર મળે તો ૭ પૈસાની કેટલી ?

(૫) દરેક છોકરાને ત્રણ કેરી આપીએ તો ૧૦૮ કેરી કેટલા છોક- રાને અપાય ?

(૬) ૨॥ શેર ઘીનો ૧ રૂપીઓ થાય તો મણનું શું ?

(૭) ૧॥ રૂપીએ મણ કેરી મળે તો ૪ શેરનું શું ?

(૮) ૩ દાડમના ૭ પૈસા તો ૩૯ દાડમનું શું ?

(૯) ૬ પૈસાના ૯ કેળાં મળે તો ૩૮ પૈસાનાં કેટલાં ?

(૧૦) ૧ શ્રીફળના ૧॥ આનો પડે તો ૩૨ શ્રીફળનું શું ?

(૧૧) ૧ આનાનાં ૫ શેર વેંગણ મળે તો ૨ મણ ૨॥ શેર વેંગણનું શું ?

(૧૨) હું દરરોજ અડધો રૂપીઓ કમાઉં છું તો ૫૬ દિવસમાં શું કમાઇશ ?

(૧૩) એક જમરૂખ ચાર માણસને અપાય તો ૩૭ જમરૂખ વહેં- ચવાને કેટલાં માણસો જોઇએ.

(૧૪) ૧ રૂપીયાનું ૦॥। ગજ લુગડું મળે તો ૨૭॥ ગજનું શું ?

[૧૫] ૧ કોટ શીવડાવવાને ૧॥ વાર વેનેશનનું કપડું જોઇએ, તો ૧૫ કોટ કરાવવા માટે કેટલા વાર વેનેશનનું કપડું ખરીદ કરવું?

[૧૬] ૧ તોલો ઇલાયચીની કીંમત ૧॥ આનો પડે છે તો શેરનું શું ?

[૧૭] મારે દર મહીને ૨॥ રૂપિયા ફીના ભરવા પડે છે તો ૧૭॥ રૂપિયા ક્યાં સુધી ચાલશે ?

[૧૮] ૧૨ શેર સોપારીની કીંમત ૪ રૂપિયા બેસે તો ૩૯ શેર સો- પારીના કેટલા રૂપિયા બેસે ?

(૧૯) ૧ નવટાંક સોપારીનો ૧॥ આનો પડે તો ૯ અધોળનું શું ?

(૨૦ ૧ આનાનાં ૪ કમાડ મળે તો ૧૧ કમાડનું શું બેસે ?

(૨૧) ૧ કવરનાં ૨ દોઢીયાં તો ૨૯ કવરના કેટલા આના ?

[૨૨] એક શાહુકારે ૨૦ા મણ ઘઉં ૨૨ ગરીબ માણસોને વહેંચી આપ્યા, તો દરેકને ભાગ કેટલા આવ્યા હશે ?

(૨૩) મારા બાપુએ મારા લગન વખતે ૮૪ બ્રાહ્મણને જમાડી બધા વચ્ચે ૬૩ રૂપિઆ દક્ષિણામાં આપ્યા તો દરેકને ભાગ શું આવશે ?

(૨૪) એક માણસ સવાર સાંજ મળીને ૧ા શેર અનાજ ખાય તો ૩ મણ અનાજ કેટલા દિવસ ચાલશે ?

[૨૫] ૯૯ાા રૂપિઆ ૩૯ છોકરાની વચ્ચે વહેંચી આપીએ તો દરેકને ભાગ શું આવે ?



શ્રીમંત ગુણાનુવાદ.

નૃપ સયાજી શુભ ગુણવંતા (૨)
સુંદર તન અતિશય સુખકારી.
નિર્મળ કાન્તિ અધીક મનહારી,
મંદહાસ્ય મુખ પદ્મ વિલસતું,
શાન્ત સુધારસ ઝરતા. નૃપ સયાજી૦ ૧

ઉર વિશાળ કર દીર્ઘ દયાળા,
નૃપ રૂપ ગુણવંતા ભાળ્યા;
જ્ઞાનવાન મતિમાન મહીપતિ,
દેશ દાઝ દિલ ધરતા. નૃપ સયાજી૦ ૨

કર કમલે કમલા ઝલકાતી,
મુખ કમલ સન્નીતિ ઉભરાતી;
સન્નીતિ ઉર વસતી નિરંશ વાસ,
પર દુઃખ નિત્ય પરહરતા. નૃપ સયાજી૦ ૩

સ્વજન ગણી નિજ પ્રજા બરાબર
પ્રતિદિન પ્રતિ પાલનમાં તત્પર;
જ્ઞાન દાન સુમતિ સુઝાડે,
દીર્ઘ જીવો જશવંતા. નૃપ સયાજી૦ ૪



સૂચના.

[illegible]

અમારા તરફથી [illegible] થયેલાં પુસ્તકો.

[illegible]

૧. [illegible] ([illegible]) [illegible]

૨. [illegible]

૩. [illegible]

૪. [illegible] નોટ [illegible]

૫. [illegible]

૬. [illegible] તથા [illegible]

૭. [illegible] ભાગ ૨ [illegible]

૮. પ્રશ્નોત્તરરૂપે [illegible] ધો. ૧ [illegible]

૯	,,	,,	,, ૨	[illegible]	,,	[illegible]	[illegible]
૧૦	,,	,,	,, ૩	[illegible]	,,	,,	[illegible]
૧૧	,,	,,	,, ૪	[illegible]		[illegible]	[illegible]
૧૨	,,	,,	,, ૫	[illegible]	,,	[illegible]	[illegible]
૧૩	,,	,,	,, ૬	[illegible]	,,	[illegible]	[illegible]
૧૪	,,	,,	,, ૭	[illegible]	,,	[illegible]	[illegible]

૧૫. પ્રશ્નોત્તરરૂપે [illegible] [illegible] ૦ [illegible]

૧૬. ભરતખંડને પ્રશ્નોત્તરરૂપે [illegible] ધો. ૫ માટે ૦ [illegible]

૧૭. ,, ,, ,, ધો. ૬ માટે ૦—૩—

૧૮. પ્રશ્નોત્તરરૂપે નાગરિકના ધર્મ તથા આરોગ્યતા ૦—૩—

પત્રવ્યવહાર નીચેના સિરનામે કરવો:—

મણીલાલ મૂળજીભાઈ ઉપાધ્યાય

બુકસેલર એન્ડ પબ્લીશર,

મુ. પેટલાદ—ગામ [illegible]